આજનો સુવિચાર

આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધુ સારું છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૮૩ જૂનાગઢ તા.૧૩-૧૧-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 283, Junagadh : Date : 13 November, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# બૂલડોઝર એકશન પર સુપ્રિમ કોર્ટે બ્રેક મારી : ગાઈડ લાઈન જારી કરી



નવી દિલ્હી તા. ૧૩

દેશમાં વિવિધ રાજય સરકારો દ્વારા બૂલડોઝર કાર્યવાહી કરવામાં આવતા તેના વિરૂધ્ધમાં સુપ્રિમ કોર્ટમાં થયેલી અરજી પર આજે સીમાવર્તી ચુકાદો આપતા સુપ્રિમ કોર્ટે બુલડોઝર એકશનને ગેરકાનૂની કૃત્ય ગણાવ્યું હતું. સુપ્રિમ કોર્ટે કડક વલણ અપનાવતા અધિકારીઓને કહયું કે, તેમની મનમાની જરા પણ ચાલશે નહી. જો બુલડોઝર એકશનમાં સુપ્રિમ કોર્ટ દ્વારા જારી કરાયેલ ન્યાયીક પ્રક્રિયાનું પાલન કરવામાં નહી આવે તો તેનું કડક પરીણામ આવશે તેવી ચેતવણી નામદાર સુપ્રિમ કોર્ટે આપી હતી. સુપ્રિમ કોર્ટે વધુમાં કહયું કે, કોઈનું ઘર છિનવી લેવું તે મુળભુત અધિકારનું ઉલ્લંઘન છે. સુપ્રિમ કોર્ટે કહયું કે, નોટીસ આપ્યા વગર કોઈપણ મકાન તોડી શકાશે નહી અને નોટીસ આપવા માટે જીલ્લા કલેકટરે નોડલ અધિકારીની નિમણુંક કરવી પડશે તેમજ ૧૫ દિવસની મુદત આપવામાં આવશે. મકાન તોડી પાડવાનું કારણ દર્શાવવાનું રહેશે. માત્ર ગેરકાનૂની બાંધકામ તોડવાની જ મંજુરી મળશે. મકાન તોડી નાખતા પહેલા તમામ વિગતો પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે અને તેને સમયાંતરે અપડેટ કરવાની રહેશે. આગામી ત્રણ મહિનામાં તેના માટે પોર્ટલ બનાવવામાં આવશે તેમજ જેનું ઘર તોડવામાં આવી રહયું છે તેને બચાવની તક આપવામાં આવશે તેના માટે વિધિવત રીતે નોટીસ મોકલવાની રહેશે. અને જો ન્યાયીક પ્રક્રીયાનું પાલન નહી કરવામાં આવે તો વળતર ચુકવવું પડશે. બુલડોઝર એકશન પર નજર રાખશે. સુપ્રિમ કોર્ટે વધુમાં એમ પણ કહયું કે, માત્ર આરોપી હોવા પર ઘર તોડી શકાશે નહી. એક વ્યકિત આરોપી હોય તો સમગ્ર પરીવારને સજા કેમ ? અને જો અધિકારીઓ ખોટું કરશે તો તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે. આ પ્રકારનાં દિશા-નિર્દેશો સાથે સુપ્રિમ કોર્ટનાં ન્યાયમૂર્ત ગવઈનાં નેતૃત્વ હેઠળની બેન્ચે ચુકાદો આપ્યો હતો.

રાજય સરકારો દ્વારા "બુલડોઝર ક્રિયાઓ" પરના મહત્વના ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે આજે સીમાવર્તી ચુકાદો આપ્યો હતો કે સત્તાવાળાઓ કોઈ વ્યક્તિના ઘરને ફક્ત એટલા માટે તોડી શકતા નથી કારણ કે તેમના પર ગુનાનો આરોપ છે. સુપ્રિમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે વહીવટીતંત્ર ન્યાયાધીશ, જ્યુરી અને જલ્લાદ તરીકે કામ કરી શકે નહીં અને ગેરકાયદેસર તોડી પાડવા માટે જવાબદાર અધિકારીઓને સજાનો સામનો કરવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે રાજ્યની મનસ્વી ક્રિયાઓ સામે બંધારણીય સુરક્ષાને પ્રકાશિત કરી, કાયદાના શાસનના મહત્વ પર ભાર મૂક્યો, જે સુનિશ્ચિત કરે છે કે યોગ્ય પ્રક્રિયા વિના વ્યક્તિઓના મિલકત અધિકારોનું ઉલ્લંઘન થતું નથી. "રાજ્યએ કુદરતી ન્યાય અને કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ, આરોપીને નોટિસ આપીને અને ન્યાયી સુનાવણી કરવી જોઈએ," કોર્ટે ચુકાદો આપતાં ઉમેર્યું, "આપણે બંધારણીય લોકશાહી છીએ જ્યાં કાયદાનું શાસન પ્રવર્તવું જોઈએ.

ન્યાયાધીશ ગવઈની નોંધે વધુ સ્પષ્ટતા પૂરી પાડી છે, જેમાં જણાવ્યું હતું કે, "કોઈ પણ ડિમોલિશન અગાઉથી કારણ બતાવો નોટિસ વિના હાથ ધરવામાં આવવું જોઈએ નહીં, સ્થાનિક મ્યુનિસિપલ કાયદા અનુસાર અથવા સેવાની તારીખથી ૧૫ દિવસની અંદર, જે પછીથી હોય તે પરત કરી શકાય." તેમણે ચોક્કસ વ્યક્તિઓને નિશાન બનાવતા ડિમોલિશન સામે ચેતવણી આપી હતી જ્યારે સમાન મિલકતો ધરાવતા અન્ય લોકોને બચાવ્યા હતા, એવું સૂચન કર્યું હતું કે આવી પસંદગીયુક્ત ક્રિયા ટ્રાયલ વિના દંડ કરવાનો હેતુ સૂચવે છે.

જસ્ટિસ ગવઈએ રાત્રિના તોડફોડ દરમિયાન મહિલાઓ અને બાળકોને રસ્તા પર ખેંચી જવાના દ્રશ્યો પર ચિંતા વ્યક્ત કરી, તેને એક દુ:ખદાયક દશ્ય ગણાવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઘર વર્ષોની મહેનત, સપના અને આશાઓનું પ્રતિનિધિત્વ કરે છે અને સત્તાવાળાઓએ ન્યાયી ઠેરવવું જોઈએ કે તોડી પાડવાનો એકમાત્ર વિકલ્પ ઉપલબ્ધ છે.

વધુમાં, સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે આ નિર્દેશો જાહેર જમીન પરના અનધિકૃત બાંધકામો અથવા કોર્ટ દ્વારા તોડી પાડવાના આદેશ સાથેના કેસોને લાગુ પડશે નહીં. આ ચુકાદો નાગરિકોના મિલકત અને આશ્રયના અધિકારોને મજબૂત બનાવે છે, જે બંધારણની કલમ ૧૯ને મૂળભૂત અધિકાર તરીકે સંરેખિત કરે છે.

## ભારત સરકાર - તાલીબાન વચ્ચે સંબંધો સ્થાપિત થયા : મુંબઈમાં પ્રથમ નિમણુંક

નવી દિલ્હી, તા.૧૩: તાલિબાન સરકારે ઈકરામુદીન કામિલને મુંબઈમાં અફઘાન મિશનમાં કાર્યવાહક કોન્સ્યુલ તરીકે નિયુક્ત કર્યા છે. અફઘાન મીડિયા અનુસાર, ભારતમાં અફઘાન મિશન માટે તાલિબાન દ્વારા આ પ્રકારની આ પહેલી નિમણૂક છે. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયે કામિલની નિમણૂકની જાહેરાત કરી છે, જે તાલિબાન-નિયંત્રિત બખ્તર ન્યૂઝ એજન્સીએ સ્રોતોને ટાંકીને અહેવાલ આપ્યો હતો. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે 'તે હાલમાં મુંબઈમાં છે, જ્યાં તે ઈસ્લામિક અમીરાતનું પ્રતિનિધિત્વ કરતી તેમની જવાબદારીઓ નિભાવી રહ્યા છે.' આ નિમણૂકને કાબુલ દ્વારા ભારત સાથે રાજદ્વારી સંબંધોને મજબૂત કરવા અને વિદેશમાં તેની હાજરી વધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

## ખેડૂતો વિરૂધ્ધ ટીપ્પણી કરનાર કંગના રનૌત વિરૂધ્ધ અદાલતે સમન્સ જારી કર્યુ

આગ્રા તા. ૧૩

બોલિવૂડ અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌત વિરુદ્ધ આગ્રાની સ્પેશિયલ કોર્ટમાં કરવામાં આવેલી ફરિયાદ પર સુનાવણી થઈ હતી, જેના કારણે કંગનાની મુશ્કેલીઓમાં વધારો થયો છે. મંગળવારે આ મામલે કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. તે સાથે જ કોર્ટ દ્વારા કંગનાને સમન્સ પાઠવવામાં આવ્યું છે અને નોટિસ પણ જારી કરાઈ છે, જેમાં કંગનાને કોર્ટમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન અરજદારના વકીલોએ કંગનાના વિવાદાસ્પદ નિવેદનો અંગે દલીલો કરી હતી. કોર્ટ દ્વારા આ કેસની આગામી સુનાવણી માટે ૨૮ નવેમ્બર, ૨૦૨૪ ની તારીખ નક્કી કરવામાં આવી છે.

## સમાચાર રાઉન્ડ અપ

- ૧૬ થી ૨૧ નવેમ્બર વચ્ચે વડાપ્રધાન ત્રણ દેશોની મુલાકાતે જશે
- દિલ્હીનાં જહાંગીરપુરીમાં અત્યંત પ્રદુષિત હવા : એર કવોલીટી ઈન્ડેકસ ૯૯૯
- સલમાનખાનને ધમકી આપનાર ગીતકારની કર્ણાટક પોલીસે ધરપકડ કરી
- મથુરા રીફાઈનરીમાં મોટી દુર્ઘટના : વિસ્ફોટ સાથે પ્રચંડ આગ ફાટી નીકળી : ૧૦ કર્મચારી ઈજાગ્રાસ્ત

## ઝારખંડ વિધાનસભાની ચૂંટણીનાં પ્રથમ તબકકામાં ૪૩ બેઠકો પર યોજાઈ રહેલું મતદાન

રાંચી તા. ૧૩

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૫ જિલ્લાની ૪૩ બેઠકો પર સવારે ૭ વાગ્યાથી મતદાન ચાલી રહ્યું છે. સવારે ૯ વાગ્યા સુધી ૧૩.૦૪% મતદાન થયું હતું. અત્યાર સુધી, સિમડેગા જિલ્લામાં સૌથી વધુ ૧૫% અને પૂર્વ સિંઘભૂમ જિલ્લામાં સૌથી ઓછા ૧૧.૨૫% મતદાન થયું છે. ખાસ વાત એ છે કે આદિવાસી અનામત બેઠકો પર મતદાન વધુ થઈ રહયું છે. સવારથી જ બૂથ પર લાંબી લાઈન જોવા મળી રહી છે. જેમાં મહિલાઓની સંખ્યા વધુ છે. જ્યારે રાંચી-જમશેદપુર શહેરી વિસ્તારમાં મતદાનની ગતિ ધીમી છે. ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૫ જિલ્લાની ૪૩ બેઠકો પર મંગળવારે સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું છે. જે સાંજે ૪ વાગ્યા સુધી ચાલુ રહેશે. અહેવાલ છે કે લાતેહાર જિલ્લાના છિપડોહરમાં મતદાન પહેલા ફરજ પર રહેલા CRPF જવાન સંતોષ કુમાર યાદવને ગોળી વાગી હતી. આજના મતદાનમાં ૧.૩૭ કરોડ મતદારોનો સમાવેશ થશે. પ્રથમ તબક્કાની ૪૩ બેઠકોમાંથી ૧૪ બેઠકો કોલ્હાનમાં, ૧૩ બેઠકો દક્ષિણ છોટાનાગપુરમાં, ૯ બેઠકો પલામુમાં અને ૭ બેઠકો ઉત્તર છોટાનાગપુર વિભાગમાં છે.

## વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં પ્રારંભીક ૪ કલાકમાં ૨૫ ટકા મતદાન : ત્રીપાંખીયો જંગ

પાલનપુર તા. ૧૩

વાવ વિધાનસભાની પેટાચૂંટણીનું મતદાન યોજાઈ રહયું છે. સવારે ૧૧ વાગ્યા સુધી ચાર કલાકમાં ૨૫% વોટિંગ થયું છે. વાવની આ પેટાચૂંટણી લોકસભાની ચૂંટણી કરતાં પણ વધુ રસાકસીભરી છે. અહીં ભાજપે સ્વરૂપજી ઠાકોરને ટિકિટ આપી છે, જ્યારે કોંગ્રેસે ગુલાબસિંહ રાજપૂતને મેદાને ઉતાર્યા છે. આ વખતની વાવ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના બંને ઉમેદવારો વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં હારેલા છે. જોકે, ભાજપમાંથી બળવો કરીને અપક્ષ ઉમેદવારી કરનાર માવજી પટેલે ભાજપ-કોંગ્રેસનું ગણિત બગાડી નાંખ્યું હોય એવું લાગી રહ્યું છે.

વાવ વિધાનસભાની પેટાચૂંટણીના જંગમાં ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ સહિત કુલ ૧૦ ઉમેદવારો મેદાને છે. જેમનું ભાવિ આજે ૩ લાખ ૧૦ હજાર ૬૮૧ મતદારો EVMમાં સીલ કરશે. વાવ, સુઈગામ અને ભાભર તાલુકાના ૧૭૯ ગામોના ૩૨૧ બુથો પર મતદાન થઈ રહ્યું છે. જેમાં ૯૭ જેટલાં સંવેદનસીલ મતદાન મથકો છે. જ્યાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે વેબ કાસ્ટિંગ કેમેરા પણ કાર્યરત કરવામાં આવ્યા છે. મતદાન પ્રક્રિયામાં કાયદો વ્યવસ્થા ન કથળે તે માટે ૧૫૦૦ સુરક્ષા કર્મીઓ ખડેપગે છે.

## આજે ૧૦ રાજયોની ૩૧ વિધાનસભા બેઠકો અને લોકસભાની એક બેઠકની પેટાચૂંટણીમાં યોજાઈ રહેલું મતદાન

નવી દિલ્હી તા. ૧૩

આજે ૧૦ રાજયોની ૩૧ વિધાનસભા અને લોકસભાની એક બેઠકની પેટાચૂંટણી યોજાઈ રહી છે. લોકસભાની ચૂંટણીમાં ૨૮ ધારાસભ્યો સાંસદ બનતા અને બે ધારાસભ્યોનાં મૃત્યુ થતાં અને એક ધારાસભ્યનાં પક્ષ પલ્ટાને કારણે પેટાચૂંટણી યોજાઈ રહી છે. કેરળમાં સૌથી પ્રતિષ્ઠાની મનાતી વાયનાડ લોકસભાની પેટા ચૂંટણીમાં પ્રિયંકા ગાંધી તેમનાં જીવનની પ્રથમ ચૂંટણી લડી રહ્યા છે. પ્રિયંકા ગાંધીનો મુકાબલો ભાજપના મહિલા નેતા નવ્યા હરિદાસ સાથે છે. મતદાન શરૂ થતા પહેલા નવ્યાએ કહ્યું વાયનાડના લોકોને એક એવી વ્યક્તિની જરૂર છે જે જમીની સ્તરે રહી તેમની સાથે કામ કરી શકે અને જે સંસદમાં તેમના મુદ્દાઓ ઉઠાવીને સમાધાન શોધી શકે. કોંગ્રેસ આ વખતે કીટ, પૈસા, દારૂ બધું આપીને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો કરી રહી છે. કેમકે કોંગ્રેસને ડર છે કે તેઓ આ ચૂંટણી હારી જશે.. કોંગ્રેસ ઉમેદવાર પ્રિયંકા ગાંધી વાડરાએ કહ્યું કે મને આશા છે કે વાયનાડના લોકો મને તેમના પ્રેમ અને સ્નેહનો બદલો ચૂકવવાની અને તેમના માટે કામ કરવાની તથા તેમના પ્રતિનિધિ બનવાની તક આપશે મને આશા છે કે દરેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે અને અચૂક મત આપશે..


CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
749/- 2870/-
1349/- 5060/-
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ભાડે આપવાની છે
મોકાની જગ્યા
28X75 શો-રૂમ અથવા કોર્પોરેટ ઓફિસ લાયક
મેરીગોલ્ડ-૩, ફર્સ્ટ ફ્લોર, બાઉદીન કોલેજ સામે, જૂનાગઢ.
98250 79865

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે
PARDAWALA
શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.
"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.
"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.
"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.
KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જૂનાગઢ.

# દ્વારકાધીશ જગત મંદિરે તુલસી વિવાહની થઈ ઉજવણી : શાહી સવારીથી ઠાકોરજી જગત મંદિરેથી પરણવા નીકળ્યા : શહેરના માર્ગો ઉપરથી ધામધુમથી ઠાકોરજીનું શોભાયાત્રા નિકળી ભાવિકો જોડાયા



પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી ઠાકોરજીની પાલખીનું કર્યું સન્માન







(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૩

યાત્રાધામ દ્વારકામાં જગ વિખ્યાત દ્વારકાધીશ જગત મંદિરે દેવ ઉઠી એકાદશીના શુભ દિને તુલસી વિવાહની ધામધુમથી પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. મંદિર પટાગણમાં શ્રીજીના નીજ સભા મંડપમાં શેરડીનો મંડપ શણગારી તેમાં તુલસીજીને નવ કન્યા રૂપમાં શણગારી શ્રીજીના ઉત્સવ સ્વરૂપ ગોપાલજીને વરરાજાના શણગાર સજાવી મંડપમાં પધરાવામાં આવ્યા હતા. આ મંડપમાં કરીયાવર રૂપે સોના-ચાંદી હીરા, માણેક, પન્ના વગેરે આભુષણો સજાવી શ્રીજીના સન્મુખ પધરાવામાં આવ્યા હતા. ઠાકોરજીના મસ્કત ઉપર સાફો, મોરપીછ, કમરે કમરબંધ વગેરે વિવિધ શણગાર સજાવવામાં આવ્યા હતા. શાહી સવારી સાથે ઠાકોરજી પરણવા નીકળ્યા હતા. ઠાકોરજીના નાં બાલસ્વરુપ નો વરઘોડો સમી દ્વારકાધીશ જગત મંદિરેથી સાંજે બહાર નિકળ્યો ત્યારે પોલીસ જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ત્યાથી ઠાકોરજીનો વરઘોડો વાજતે ગાજતે શહેરનાં મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. આ તકે શહેરી જનો તેમજ દ્વારકા દર્શને દેશ વિદેશ થી આવેલ ભક્તો એ ભગવાન નાં તુલસીજી સાથેનાં લગ્ન ને મોડી રાત સુધી જગત મંદિર પટાગણમાં નિહાળી ધન્યતા અનુભવી હતી. રાત્રે ભગવાનનાં તુલસીજી સાથે વિવાહ પ્રસંગ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. કર્મનાં ભવબંધનમાથી મોક્ષ મેળવવા ભગવાનનાં ચરણોમાં તુલસીપત્ર અર્પણ કરવાનો મહિમા છે. દેવતાઓની દિવાળી દેવ દિવાળી તરીકે ઓળખાય છે. અષાઢ સુદ ૧૧ થી ભગવાન વિષ્ણુ ચાર માસ માટે શયનમાં જઈ વિશ્રામ કરે છે. ત્યારબાદ ભગવાન કારતક સુદ ૧૧ નાં વિશ્રામમાંથી બહાર આવે છે. જેથી પુરાણોમાં આ દિવસને દેવઉઠી એકાદશી તરીકે ઓળખવામાં આવે છે.

## કલ્યાણપુરના ખીરસરા ગામે નિંદ્રાધીન વૃદ્ધાના કાનમાંથી સોનાના વેઢલાની લૂંટ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

કલ્યાણપુર તાલુકાના ખીરસરા ગામે સોમવારે રાત્રિના સમયે નિંદ્રાધીન એક આહીર વૃદ્ધાના ગળા તથા મોઢાના ભાગે બે અજાણ્યા શખ્સોએ બળ પ્રયોગ કરી અને તેણીએ કાનમાં પહેરેલા સોનાના બે વેઢલાની લૂંટ કર્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ કલ્યાણપુરથી આશરે ૩૦ કી.મી. દૂર ખીરસરા ગામે રહેતા ધાનીબેન હાજાભાઈ સામતભાઈ બેલા નામના ૭૦ વર્ષના મહિના સોમવારે રાત્રે જમીને પોતાના ઘરે સુતા હતા. ત્યારે મધ્ય રાત્રિના આશરે દોઢેક વાગ્યાના સુમારે બે અજાણ્યા શખ્સોએ તેમના ઘરમાં પ્રવેશ કર્યો હતો. આ બંને શખ્સોએ નિંદ્રાધીન અવસ્થામાં રહેલા ધાનીબેનને ઊંઘમાં જ ગળું દબાવી અને મોઢા પર હાથથી મૂંગો દીધો હતો. આ પછી તેણીએ પોતાના ગળા અને મોઢાના ભાગે મૂંગો હટાવવા માટેનો પ્રયાસ કરતા આરોપીઓએ તેણીના મોઢા તેમજ આંખોના ભાગે કોઈ કેમિકલ સાથેનો સ્પ્રે છાંટતા તેણીને અસહ્ય બળતરા થઈ હતી અને આંખો બંધ થઈ ગઈ હતી. આ પછી આરોપીઓએ ધાનીબેનના ગળાના ભાગે ઉઝરડા તેમજ કાનની બુટમાં ઈજાઓ કરી, અને તેણીએ કાનમાં પહેરેલા સોનાના બે વેઢલાની લૂંટ ચલાવીને અંધારામાં ઓગળી ગયા હતા. આમ, રાત્રિના સમયે બે અજાણ્યા લૂંટારુઓએ રૂપિયા ૪૫,૦૦૦ ની કિંમતના સોનાના વેઢલાની લૂંટ ચલાવવા બદલ કલ્યાણપુર પોલીસે ધાનીબેન બેલાની ફરિયાદ પરથી જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ બનાવ બનતા દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડ તેમજ તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને લૂંટારો અને શોધવા માટે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ પ્રકરણની તપાસ પી.આઈ. કે.બી. રાજવી ચલાવી રહ્યા છે. રાત્રિના સમયે થયેલી લૂંટના આ સમગ્ર બનાવે નાના એવા ખીરસરા ગામમાં ભારે ભયનો માહોલ પ્રસરાવી દીધો હતો.

## ઉના : લાડી લોહાણા સિંધી પંચાયતની ચુંટણીમાં પ્રમુખ તરીકે ઈશ્વરભાઈ જેઠવાણીનો વિજય

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૩

ઉના લાડી લોહાણા સિંધી પંચાયતની ચુંટણીમાં ઉના લાડી લોહાણા સિંધી પંચાયતના પ્રમુખ તરીકે ઈશ્વરભાઈ જેઠવાણી તેમજ તેમની ટીમનો વિજય થતા તેમની આ સમગ્ર ટીમને ઉના ધારાસભ્ય કાર્યલાય ખાતે ઉનાના કાર્યશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, નગરપાલિકાના સદસ્ય ચંદ્રેશભાઈ જોશીએ સમગ્ર ટીમનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું




અને શુભેચ્છાઓ પાઠવી હતી. ઉના લાડી લોહાણા સિંધી પંચાયતની ચુંટણીમાં ચૂંટાયેલા હોદેદારોની યાદીમાં પ્રમુખ ઈશ્વરલાલ યુ જેઠવાણી, ઉપપ્રમુખ જેરામદાસ નારણદાસ લાલવાણી, ઉપપ્રમુખ દિલીપભાઈ મોહનલાલ ઠક્કર, જનરલ સેક્રેટરી લોકેશકુમાર ભૂલચંદ ધનાણી, જોઈન્ટ સેક્રેટરી કમલેશભાઈ ત્રિભોવનદાસ ચંદાણી, જોઈન્ટ સેક્રેટરી ધીરજલાલ વિશનદાસ ટિલવાણી, ખજાનચી લલિતકુમાર ઈશ્વરલાલ જુમાણી, ઓડિટર રમેશકુમાર લીમુમલ ખીમાણીની નિમણુંક કરવામાં આવી છે.

## ગોંડલ ખાતે તુલસી વિવાહ પ્રસંગે સહભાગી થયા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

### તુલસી વિવાહ પ્રસંગે ઠાકોરજીના ભવ્ય વરઘોડાનું સ્વાગત કરી ધન્યતા અનુભવી





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૩

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજકોટના ગોંડલ ખાતે તુલસી વિવાહના ભવ્ય આયોજનમાં સહભાગી થયા હતા. આ પ્રસંગે યોજાયેલા જાજરમાન કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કોલેજ ચોક ખાતે ઠાકોરજીના વરઘોડાનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. અહીં ઠાકોરજીની આરતી ઉતારી, ઠાકોરજીના વરઘોડાના સામૈયા કરવામાં આવ્યા હતા. ઠાકોરજીના વરઘોડામાં ભરત ભરેલી રંગબેરંગી છત્રીઓ, વિવિધ પ્રકારની કલાત્મક અને રજવાડી બગીઓ, સુશોભિત કરેલા હાથી, ઘોડા અને ઊંટ ગોંડલવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બેન્ડબાજા સાથે વરઘોડાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના નિવાસસ્થાને ભગવાન શાલીગ્રામ અને તુલસીમાતાના વિવાહ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ધારાસભ્ય ગીતાબા જાડેજા તથા પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રીએ આ સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદ રામભાઈ મોકરીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, જિલ્લા કલેકટર પ્રભવ જોશી, ધારાસભ્યઓ રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, મહેન્દ્રભાઈ પાડલીયા, પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક સહિત મહાનુભાવો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પોસ્ટ વિભાગ દ્વારા પૂજ્ય દાદા ભગવાનની સ્મૃતિમાં વિશિષ્ટ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી




અમદાવાદ તા.૧૩

દાદા ભગવાન તરીકે વ્યાપકપણે આદરણીય એવા અંબાલાલ મુલજીભાઈ પટેલના જીવન અને શિક્ષણની યાદમાં, પોસ્ટ વિભાગ દ્વારા જેમના જીવન અને ઉપદેશોએ વિશ્વભરમાં અસંખ્ય વ્યક્તિઓને અસર કરી છે એવા આ અસાધારણ આધ્યાત્મિક શિક્ષકના સન્માન માટે એક ખાસ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી.૧૦મી નવેમ્બરના રોજ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૭મી જન્મ જયંતી દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂજ્યશ્રી દીપકભાઈ દેસાઈ અને શ્રી દિનેશ કુમાર શર્મા, નવલખી ગ્રાઉન્ડ, વડોદરા ખાતે પોસ્ટ માસ્ટર જનરલની ગરિમામય ઉપસ્થિતિમાં સ્ટેમ્પનું વિમોચન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી નેનુ ગુપ્તાએ તૈયાર કરેલી સ્મારક ટિકિટમાં પૂજ્ય શ્રી દાદા ભગવાનનો ફોટો છે. તેમની શાંત અભિવ્યક્તિ અને કરુણામય આંખો આંતરિક શાંતિની ઊંડી ભાવનાને પ્રતિબિંબિત કરે છે, જે ભક્તોને સત્ય, આત્મ-સાક્ષાત્કાર અને સાર્વત્રિક પ્રેમની શોધ માટે પ્રેરિત કરે છે. આ છબી તેમના ઉપદેશો અને અક્રમ વિજ્ઞાનના માર્ગની યાદ અપાવે છે, જે અનુયાયીઓને આધ્યાત્મિકતા અને આત્મ-જાગૃતિના મૂળમાં રહેલું જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરે છે. ટપાલ વિભાગ દાદા ભગવાનના માનમાં એક સ્મારક ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરીને ગર્વ અનુભવે છે. અક્રમ વિજ્ઞાનની સ્થાપના માટે પ્રખ્યાત, દાદા ભગવાનનો ઉપદેશ ત્રિમંદિરો, સત્સંગ કેન્દ્રો અને સમર્પિત સ્વયંસેવકો દ્વારા સતત પ્રેરણા આપે છે. આધ્યાત્મિક રીતે સમૃદ્ધ અને કરુણામય વિશ્વની તેમની દ્રષ્ટિ ઘણા લોકો માટે માર્ગદર્શક પ્રકાશ છે, જે આત્મ-સાક્ષાત્કાર અને મુક્તિનો સીધો માર્ગ પ્રદાન કરે છે.

## સોમનાથ બાયપાસ પાસે બે બાઈક સ્વારો હોટલ માલિકને ધમકી આપી ફરાર

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૩

સોમનાથ બાયપાસ હોટલ વેલકમ સોમનાથ હોટલના મેનેજર મહેશભાઈ તથા ભરતભાઈ સહિત ચાર જણા હોટલમાં હાજર હતા ત્યારે રાત્રીના આશરે બે વાગ્યાની આસપાસ ગ્રાહકોની કોઈ બાબતે મોટર સાયકલ નંબર જીજે-૩૨-એએફ-૯૮૦૦ લઈને આવેલ અને ગાળો આપવા માંડેલ ત્યારે કારણ પુછતા તેણે જણાવેલ કે તારી હોટલના માલિકોને કહી દેજે કે જીવતું રહેવું હોય તો હોટલ બંધ કરી જતા રહે આ અંગે તપાસ કરતા બંનેમાં એક સબ્બીર આમદ તથા બીજાને સાવઝ તરીકે ઓળખાય છે. આ બંને સોમનાથ ખાતે મુસાફરોને હોટલ બતાવવાનું અને રહેવાની સગવડ કરી આપી કમીશન લેતા હોવાનું જણાઈ આવેલ છે. આ અંગે હોટલ ધારકે પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરેલ છે.

## જૂનાગઢ : આધેડનો ગળાફાંસો ખાઈ આપઘાત

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢનાં મેઘાણીનગર રોહીદાસપરામાં રહેતા શૈલેષભાઈ વીરાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૭) એ કોઈ કારણોસર પોતાની મેળે ગળફાંસો ખાઈ લેતાં તેઓનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં એ ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિસાવદર વિદ્યુત બોર્ડની કચેરીનાં મહિલા કર્મચારીનું હાર્ટએટેકથી મૃત્યું

જૂનાગઢ તા. ૧૩

વિસાવદર ખાતે ગુજરાત વિદ્યુત બોર્ડની કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતાં કિરણબેન નિલેશભાઈ પંડયા (ઉ.વ. ૪૯) રહે. આગનપાર્ક, શિવરજની, મધુરમ બાયપાસ ટીંબાવાડીવાળાને હાર્ટએટેક આવતાં તેઓનું મૃત્યું થયું છે. આ બનાવનાં પગલે તેમનાં પરીવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## દ્વારકા જિલ્લામાં હોમગાર્ડઝના વિવિધ યુનિટ વચ્ચે રમતોત્સવ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૩

ગુજરાત રાજ્યના હોમગાર્ડ કમાન્ડન્ટ જનરલ મનોજભાઈ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લા હોમગાર્ડ કમાન્ડર સંદીપભાઈ ખેતિયા દ્વારા જિલ્લાના જુદા જુદા યુનિટો વચ્ચે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા હોમગાર્ડ સ્પોર્ટ્સ ઓફિસર પી.કે. કારીયા, વહીવટી સ્ટાફના ગીરીરાજસિંહ વિગેરે દ્વારા આ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં દોડ, કુદ, ફેંક વિગેરેની સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને ઈનામ તેમજ પ્રમાણપત્ર વડે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

## ભેંસાણનાં ચુડા ગામે ઝેરી દવા પીતા મૃત્યું

જૂનાગઢ તા. ૧૩

ભેંસાણ તાલુકાનાં ચુડા ગામે રહેતા મનીષકુમાર ઉર્ફે વિપુલભાઈ ધનજીભાઈ પરમાર (ઉ.વ. ૩૦)એ તા. ૫-૧૧-૨૪નાં કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ઝેરી દવા પી લેતાં તેઓને સારવાર માટે ખસેડવામાં આવેલ જયાં તા. ૬-૧૧-૨૪ કલાક ૨૩.૩૨ પહેલા તેઓનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે ભેંસાણ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તુલસી વિવાહ નિમિત્તે દ્વારકાધીશ જગતમંદિરમાં શ્રીજીને છપ્પન ભોગ મનોરથ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧૩

દ્વારકાધીશના જગતમંદિરમાં આજે તુલસી વિવાહ મહોત્સવની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે સાંજના સમયે જગતમંદિરમાં શ્રીજીને છપ્પનભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો જેનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ.

## ઊના તાલુકાના ચાચકવડ ગામે યુવાન ઉપર છરી વડે હુમલો

ઊના તા. ૧૩

ઊના તાલુકાના ચાચકવડ ગામે રહેતા ધર્મેશ નાનજી ભાઈ બાબરિયા બજાર માં બેઠા હતા ત્યારે તેમની જ્ઞાતિ ની યુવતી બજાર માથી નીકળતા ચાચકવડ ગામ નો રોહિત મનુ ભાઈ સોલંકી એ કોઈ પણ કારણ વગર ઝગડો કરી જ્ઞાતિ વિરુદ્ધ અપમાન કરી યુવતી ગાલે ઝાપટ મારી લેતા ધર્મેશ વચ્ચે પડી ગાળો બોલવાની ના પાડી યુવતી ને છોડાવતા આરોપી રોહિતે પોતાની પાસે રહેલ છરી વડે ધર્મેશ ઉપર હુમલો કરી પીઠ ના પાછળ ના ભાગે ઘા મારી ગંભીર ઈજાઓ કરતા ઊના હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતાં તેમને આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# સમગ્ર રાજયમાં સી.એમ.ડેશબોર્ડની કામગીરીમાં ગીર સોમનાથ જિલ્લો પ્રથમ ક્રમાંકે

ગાંધીનગર તા. ૧૩

રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી યોજનાઓ અને તેના અમલીકરણ અંગે થયેલ વિવિધ પાસાઓ અંગેની વિગતો મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડ પર નિયમિત રીતે રાજયભરના જિલ્લાઓ દ્વારા અપડેટ કરવામાં આવે છે.

રાજયના નાગરિકોની સુખાકારીમાં વધારો થાય અને લોકોને ઘરઆંગણે જ તેમનો હક મળે તેવા મંત્રને લઈને ચાલતી રાજય સરકાર દ્વારા આરોગ્ય, શિક્ષણ, રોડ-રસ્તા, વીજળી, કનેક્ટિવિટી, ખેતીવાડી વગેરે અંગે અમલમાં મૂકાયેલ યોજનાઓમાં મેળવેલી સિદ્ધિઓની રોજેરોજની વિગતો આ ડેશબોર્ડ પર અપલોડ કરવામાં આવે છે.

રાજયભરમાં ગીર સોમનાથ જિલ્લાએ પ્રજાકલ્યાણની આ યોજનાઓમાં ઉત્તમ કામગીરી દાખવી છે. જેના કારણે સમગ્ર રાજયમાં સી.એમ. ડેશબોર્ડની કામગીરીમાં ગીર સોમનાથ જિલ્લો પ્રથમ ક્રમાંકે આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં ચાલતી અલગ-અલગ સરકારી યોજનાઓ સહિતની તમામ સરકારી કામગીરીઓના સુચારુ મોનિટરિંગ માટે મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય ખાતેથી સી.એમ. ડેશબોર્ડ પોર્ટલ પર મોનિટરિંગ કરવામાં આવે છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાનો ફેબ્રુઆરી-૨૦૨૪ અંતિત ક્રમાંક ૨૪મો હતો.

ગીર સોમનાથ કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની ફેબ્રુઆરી-૨૦૨૪ થી જિલ્લામાં નિમણૂક થઈ હતી ત્યારબાદ સતત પ્રજાલક્ષી કામગીરી, વિવિધ યોજનાઓ તથા સરકારી કામગીરીનો માસિક રિવ્યૂ લઈ માત્ર ૮ મહિના જેટલા ટૂંકાગાળામાં ઓક્ટોબર અંતિત ગીર સોમનાથ જિલ્લાએ સમગ્ર રાજયમાં તમામ સરકારી કામગીરીઓમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

સી.એમ. ડેશબોર્ડમાં જિલ્લાના અલગ-અલગ વિભાગોની રાજય સરકારની યોજનાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે જેમાં મહત્વપૂર્ણ મહેસૂલી પ્રવૃત્તિઓ, મહત્વપૂર્ણ યોજનાઓ, જાહેર સેવાઓ, વિકાસના કામો અને અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

આમ, ગીર સોમનાથ જિલ્લામાં વેગવાન બનેલી પ્રજાકલ્યાણની યોજનાઓનું પ્રતિબિંબ સી.એમ. ડેશબોર્ડમાં પ્રથમ ક્રમાંક મેળવીને ઝળક્યું છે.

# ભાઈઓ/બહેનો માટે શાળાકીય SGFI રાજયકક્ષા નેટબોલ અં-૧૪, ૧૭,૧૯ સ્પર્ધામાં ભાગ લેવા અંગે

ગાંધીનગર તા. ૧૩

રાજય સરકારના રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર આયોજીત અને જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા સંચાલિત શાળાકીય રમતોત્સવ-૨૦૨૪ અંતર્ગત રાજયકક્ષા જીય્હૈં શાળાકીય નેટબોલ અંડર-૧૪,૧૭,૧૯ (ભાઈઓ/બહેનો)ની સ્પર્ધાનું આયોજન ગીર સોમનાથ ખાતે કરવામાં આવશે. જે અંગેની વિવિધ જિલ્લાની ટીમની યાદીના પ્રવેશપત્રો dso-sycd-grsn@gujarat.gov.com ઉપર તા.૨૨/૧૧/૨૦૨૪ સુધીમાં અચૂક મોકલી આપવા તેમજ ખેલાડીઓને જાણ કરવા એક યાદીમાં જણાવાયું છે.

ટી.એ.બીલ આર.ટી.જી.એસ થી ચૂકવવામાં આવશે. આથી ટીમ મેનેજરશ્રીએ આવવા-જવાના પ્રવાસ ખર્ચ સાથે લઈ આવવાનો રહેશે. ટીમ મેનેજરશ્રીએ કેન્સલ ચેક અથવા સ્વચ્છ અક્ષરે વંચાય તેવી બેંક એકાઉન્ટની પાસબુકની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. અંડર-૧૭ નેટબોલ સ્પર્ધા તા.૨૩થી૨૫ નવેમ્બર સુધી યોજાશે. અંડર-૧૯ નેટબોલ સ્પર્ધા તા.૨૫થી૨૭ નવેમ્બર સુધી યોજાશે. અંડર-૧૪ નેટબોલ સ્પર્ધા તા.૨૭થી૨૯ નવેમ્બર સુધી યોજાશે. તમામ સ્પર્ધાનો રિપોર્ટિંગ સમય સાંજે ૫.૦૦ કલાકનો રહેશે. તેમજ રિપોર્ટિંગ તથા નિવાસસ્થળ શ્રી સ્વામીનારાયણ ગુરુકૂળ હાઈસ્કૂલ, શંખ સર્કલ, પ્રભાસપાટણ સોમનાથ રહેશે. તા. ૨૪-૧૧-૨૦૨૪ ના રોજ અંડર-૧૭ સ્પર્ધા, તા. ૨૬-૧૧-૨૦૨૪ ના રોજ અંડર-૧૯ સ્પર્ધા, તા.૨૮-૧૧-૨૦૨૪ ના રોજ અંડર-૧૪ સ્પર્ધા યોજાશે. તમામ સ્પર્ધાનો સમય સવારે ૭.૩૦ કલાકનો રહેશે. સ્પર્ધા સ્થળ સેન્ટ મેરી હાઈસ્કૂલ, પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન સામે રહેશે. વધુ માહિતી માટે શ્રી આકાશભાઈ કામળિયા (મો.નં ૯૭૩૭૩ ૪૨૩૯૬ / ૯૯૦૪૧૮૫૭૨૭) તેમજ શ્રી વી.વી.દિહોરા (મો.નં. ૯૮૭૯૪ ૬૩૭૩૭) પર સંપર્ક કરવો.

# ખંભાળિયા નજીક કારમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયોઃ રૂા. ૩.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે



## ચાર શખ્સો ઝબ્બેઃ એલસીબી પોલીસની કાર્યવાહી

જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયા પંથકમાં એલસીબી પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એલ.સી.બી.ના એ.એસ.આઈ. સજુભા જાડેજા, ડાડુભાઈ જોગલ અને દિનેશભાઈ માડમને મળેલી ચોક્કસ બાતમીના આધારે અત્રેથી આશરે ૧૦ કિલોમીટર દૂર લાલપુર રોડ પરથી સોમવારે રાત્રે જામનગરના દરેડ વિસ્તારમાં રહેતા ભરત દેવાયત કરમુર (ઉ. ૨૨), કલ્યાણપુરના વીરપર ગામના કાર્તિક દેવાણંદ ચાવડા (ઉ. ૨૦), કરણ વીરાભાઈ સોલંકી (ઉ. ૨૦) અને જામનગરમાં પ્રણામી ટાઉનશિપ ખાતે રહેતા વિજય કેશુર ગોજીયા (ઉ. ૨૦) નામના ચાર શખ્સોને જી.જે. ૧૦ ડી.જે. ૧૧૧૮ નંબરની એક્સ.યુ.વી. કારમાંથી વેચાણ અર્થે લઈ આવેલા વિદેશી દારૂની ૪૨ બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૧૫,૩૭૨ ની કિંમતની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૪૨ બોટલ તેમજ રૂપિયા ત્રણ લાખની કિંમતની મોટરકાર સાથે સહી કુલ રૂપિયા ૩,૧૫,૩૭૨ નો મુદ્દામાલ કબજે કરી, તમામની વિધિવત રીતે અટકાયત કરી હતી.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલની સૂચના મુજબ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, આકાશ બારસિયા, પી.જે. ખાંટ, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, એ.એસ.આઈ. સજુભા જાડેજા, ભરતભાઈ ચાવડા, ડાડુભાઈ જોગલ, દિનેશભાઈ માડમ, પ્રવીણભાઈ માડમ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# વેરાવળ-રાજકોટ પેસેન્જર ટ્રેન ૧૭ નવેમ્બર સુધી વેરાવળ સ્ટેશનથી ૧ કલાક ૧૫ મિનિટ મોડી ઉપડશે





ગીર સોમનાથ તા. ૧૩

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રાજકોટ-ભક્તિનગર સેકશનમાં એન્જિનિયરિંગના કામ માટે ૧૩.૧૧.૨૦૨૪થી ૧૭.૧૧.૨૦૨૪ દરમિયાન લેવામાં આવતા બ્લોકને કારણે વેરાવળ સ્ટેશનથી ચાલતી ટ્રેન નંબર ૦૯૫૧૪ વેરાવળ-રાજકોટ પેસેન્જર ટ્રેનનું સમયપત્રક ૧૭ નવેમ્બર, ૨૦૨૪ સુધી રિશિડ્યુલ કરવામાં આવ્યું છે. આ ટ્રેન વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૧૭.૦૦ કલાકના બદલે ૦૧ કલાક ૧૫ મિનિટ એટલે કે ૧૮.૧૫ વાગ્યે ઉપડશે. બ્લોકને કારણે ઉપરોક્ત ટ્રેન ૧૩.૧૧.૨૦૨૪ થી ૧૭.૧૧.૨૦૨૪ સુધી રિશિડ્યુલ સમય મુજબ ચાલશે. રૂટ પરના અન્ય સ્ટેશનો પર ટ્રેનના સમયમાં સમાન ફેરફાર કરવામાં આવશે.

રેલવે પ્રશાસન મુસાફરોને પડી રહેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કરે છે. આ ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# લીલી પરિક્રમા - નળ પાણીની ઘોડી પર યાત્રાળુઓને પીવાના પાણીની સુવિધા આપવા તંત્રની જહેમત





**નળ પાણી ઘોડીની નીચે, ઉપર અને ઉતરતા ભાગમાં પીવાના પાણીના પોઈન્ટની સુવિધા : પરિક્રમાર્થીઓ માટે પીવાના પાણીની સુવિધામાં જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉમેરો કરવામાં આવ્યો**

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી અનિલ કુમાર રાણાવસિયાએ વિવિધ કચેરીઓને તેમની કામગીરી વધુ સુદ્રઢ બને તે માટે દિશા નિર્દેશ કર્યા હતા. ગિરનાર લીલી પરિક્રમામાં આવતા યાત્રાળુઓને રુટ દરમિયાન પીવાનું પાણી સુલભ રીતે મળી રહે તે માટે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ખાસ કરીને નળ પાણીની ઘોડી પાસે આ વર્ષે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પીવાના પાણીની સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે.

ભૌગોલિક પરિસ્થિતિ મુજબ નળ પાણીની ઘોડી એ કઠિન અને ચઢાણ વાળો રુટ છે. યાત્રાળુઓને આ વિસ્તારમાં પીવાનું પાણી મળી રહે તે માટે નળ પાણી ઘોડીની નીચે, ઉપર અને ઉતરતા ભાગમાં પીવાના પાણીના પોઈન્ટની સુવિધા કરવામાં આવી છે. ઉપરાંત માળવેલા નજીક પણ પીવાના પાણીના ૨ નવા પોઈન્ટની સુવિધા કરવામાં આવી છે. તંત્ર દ્વારા પીવાના પાણીની ટાંકીઓ રિફિલિંગ કરવા માટે પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ગિરનાર લીલી પરિક્રમાના રુટ પીવાના પાણીના ૨૨ પોઈન્ટની સુવિધા કરવામાં આવી છે, જેના માટે ૪૫ ટાંકીઓ પણ મૂકવામાં આવી છે. આમ, ભારે જહેમત બાદ આ જંગલ વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

### ‘નગર મેં જોગી આયા.........’

# કાર્તિકી પૂર્ણિમાના મેળામાં પહેલા દિવસે દેવાયત ખવડ અને બિરજુ બારોટની જુગલબંધીએ રંગ જમાવ્યો





**જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા સહિત મહાનુભાવોએ સાંસ્કૃતિક કાર્યક્રમ માણ્યો**

ગીર સોમનાથ,તા.૧૩

બાર જ્યોતિર્લિંગમાંના પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાન્નિધ્યમાં કાર્તિકી પૂર્ણિમાના મેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. સદભાવના ગ્રાઉન્ડ ખાતે લોકસંસ્કૃતિ, આધ્યાત્મ અને મનોરંજનના ત્રિવેણી સંગમ તરીકે જાણીતા કાર્તિકી પૂર્ણિમાના મેળાના પહેલા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેવાયત ખવડ અને બિરજુ બારોટે લોકસાહિત્ય તેમજ લોકગીતની પ્રસ્તુતિથી રંગ જમાવ્યો હતો.

બિરજુ બારોટે ‘એરી સખી મંગલ ગાઓ રી.......’, ‘નગર મેં જોગી આયા...’, ‘આરતી સોમનાથ મહાદેવની થાય....’ જેવી સંગીતમય પ્રસ્તુતીથી લોકોના દિલ જીત્યા હતા તો દેવાયત ખવડે પોતાના અનોખા અંદાજમાં લોકસાહિત્યની મર્મસ્પર્શી રજૂઆત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ-ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ અને શ્રી સોમનાથ ટ્રસ્ટના સંકલનમાં આ મેળાના પાંચ દિવસ દરમિયાન રોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ ભવ્ય આયોજન કરાયું છે.

‘સોમનાથ મહોત્સવ-૨૦૨૪’ અંતર્ગત તા.૧૨ના રોજ અપેક્ષા પંડ્યા-ચિરાગ સોલંકી, તા.૧૩ના રોજ કિર્તીદાન ગઢવી, તા.૧૪ના રોજ રાજભા ગઢવી અને તા.૧૫ના રોજ માયાભાઈ આહિર અને જાહલ આહિર લોકસાહિત્ય અને લોકગીતની પ્રસ્તુતિ કરશે.

આ સાંસ્કૃતિક કાર્યક્રમની રંગારંગ પ્રસ્તુતીઓને જિલ્લા કલેકટરશ્રી દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા પોલીસવડા શ્રી મનોહરસિંહ જાડેજા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી એચ.ડી.મકવાણા, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એમ.પી.બોરીચા સહિત અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ અને મોટી સંખ્યામાં નાગરિકોએ મન ભરી માણી હતી.

### ગિરનાર લીલી પરિક્રમાના રૂટ પર લાઈટ વ્યવસ્થા માટે તંત્રનો પરિશ્રમ

# પરિક્રમાના કઠિન ચઢાણ ગણાતી નળપાણીની ઘોડી ખાતે પ્રથમવાર લાઈટની વ્યવસ્થા કરાઈ



જૂનાગઢ તા.૧૩

જિલ્લા કલેક્ટર શ્રી અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં પરિક્રમાર્થીઓ માટે આ વર્ષે લાઈટની સુવિધામાં વધારો કરાયો છે. ખાસ કરીને પરિક્રમાના કઠિન ચઢાણ ગણાતી નળપાણીની ઘોડી ખાતે પ્રથમવાર લાઈટની વ્યવસ્થા કરાઈ છે.

ગિરનાર લીલી પરિક્રમાના રૂટ પર અજવાળું કરવા માટે વ્યવસ્થા માટે તંત્રએ ભારે પરિશ્રમ ઉઠાવ્યો છે. નળ પાણીની ઘોડી ઉપરાંત જટાશંકર-ગિરનાર જુની સીડી અને ઈટવા ઘોડી ચડતા ઉતરતા વિસ્તારમાં પ્રથમ વાર ડીઝલ જનરેટર દ્વારા લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, જંગલ વિસ્તારમાં પણ યાત્રિકોને લાઈટ ઉપલબ્ધ થાય તે માટે આયોજનપૂર્વક વ્યવસ્થા કરવામાં આવી છે.

પરિક્રમા રૂટ પર રાત્રિના સમયે અવિરત વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે પીજીવીસીએલના કર્મચારીઓ રાઉન્ડ ધી ફરજ બજાવી રહ્યા છે. ઉપરાંત ભવનાથ ક્ષેત્રમાં પણ સતત વીજ પુરવઠો જાળવી રાખવા માટે એન્જિનિયર સાથે ટેકનિકલ કર્મચારીઓની ટીમ પણ રાઉન્ડ ધી કલોક ફરજ બજાવી રહી છે.

ગિરનાર પરિક્રમા રૂટ પર જંગલ વિસ્તારમાં પરિક્રમા ગેટથી પ્રથમ ઘોડી, ડંકી-૨, મોળા પાણીના પુલ, ઝીણાબાવાની મઢી, માળવેલા તરફ, નળ પાણીના ટાવર, બોળદેવી ત્રણ રસ્તા, નળ પાણીની જગ્યા અને જટાશંકર-ગિરનાર જુની સીડી આમ કુલ-૯ જગ્યા પર ડીઝલ જનરેટર સેટ પ્રસ્થાપિત કરીને રાત્રિના સમયે રૂટ પર લાઈટ લગાવી અજવાળું કરવામાં આવ્યું છે.

# જૂનાગઢથી ભવનાથ જવા ૩૦ હજારથી વધુ યાત્રિકોએ એસ.ટી. બસ સેવાનો લાભ મેળવ્યો



જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી અનિલ કુમાર રાણાવાસિયાના માર્ગદર્શનમાં વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા યાત્રિકોને જરુરી પરિવહન સેવાઓ મળી રહે તે માટે જરુરી આયોજન કરવામાં આવ્યું છે.

જૂનાગઢ એસ.ટી. બસ સ્ટેન્ડથી તા.૯-૧૧-૨૦૨૪ના રોજ બપોર બાદ શરુ કરવામાં આવેલી એસ.ટી. બસ સેવાના માધ્યમથી ૩૦,૫૦૦ થી વધારે યાત્રિકોએ ભવનાથ જવા માટે આ પરિવાર સેવાનો લાભ મેળવ્યો હતો. ઉપરાંત ભવનાથથી જૂનાગઢ આવવા માટે પણ ૫,૬૦૦થી વધારે યાત્રિકોએ આ એસ.ટી. બસ સેવાનો લાભ મેળવ્યો હતો.

મુંબઈથી ગિરનાર લીલી પરિક્રમા માટે આવેલા શ્રી સુધીર ખાનીકરે પણ પ્રશાસન દ્વારા કરવામાં આવેલી પરિવહન વ્યવસ્થાની સરાહના કરતા કહ્યુ કે, ટ્રાફિક નિયમન સહિતની વ્યવસ્થાઓના પરિણામે યાત્રિકો સરળતાથી ભવનાથ સુધી આ જાહેર પરિવહન સેવા દ્વારા પહોંચી શકે છે. જૂનાગઢથી ભવનાથ ભાવિકોને આવાગમન માટે ૪૦ એસ.ટી. બસ દ્વારા અવિરત ટ્રીપ કરવામાં આવી રહી છે.

# ઊનામાં શ્રી ગાયત્રી માતાજીના મંદિરે ભવ્ય અન્નકૂટ મહોત્સવ યોજાયો



ઊના તા. ૧૩

ઊના શહેરમાં વેરાવળ રોડ ઉપર આવેલ શિક્ષક સોસાયટી પાસે સેકડો લોકો નું આસ્થા નું કેન્દ્ર શ્રી, વેદ માતા ગાયત્રી માતાજી ના મંદિરે નવા વર્ષ નિમિતે આજે દેવ દિવાળી ના રોજ સવારે વિવિધ ફરસાણો, મીઠાઈ ઓ નો છપન ભોગ નો અન્નકૂટ મહોત્સવ યોજાયો હતો જે ભકતો જનો એ મોટી સંખ્યામાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ આજે બટુક ભોજન યોજાયું હતું

# ખંભાળિયામાં ફાફડેશ્વર મંદિરે શુક્રવારે પાટોત્સવ દર્શન

જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયાના ખત્રીવાડ વિસ્તારમાં આવેલા પ્રાચીન એવા શ્રી ફાફડેશ્વર મહાદેવના મંદિર ખાતે આગામી શુક્રવાર તારીખ ૧૫ મીના રોજ પૂનમ નિમિત્તે દર વર્ષની તેમાં આ વર્ષે પણ પાટોત્સવ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સાંજે ૫ થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી દર્શનનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને મંદિરના પૂજારી દ્વારા અનુરોધ કરાયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# આવકારદાયક ચુકાદો

સુપ્રીમ કોર્ટનો ચુકાદો કે સરકાર દરેક ખાનગી સંપત્તિનું અધિગ્રહણ ન કરી શકે, તે માત્ર એટલા માટે ઐતિહાસિક નથી કે તે નવ સદસ્યોની બંધારણીય પીઠ દ્વારા આપવામાં આવ્યો છે, બલ્કે એટલા માટે પણ છે, કારણ કે તેણે એ સમાજવાદી વિચારને અરીસો દેખાડ્યો, જેને સરકારોની નીતિ-રીતિનું અનિવાર્ય અંગ બનાવવાનું દબાણ રહેતું હતું. સ્પષ્ટ છે કે સુપ્રીમ કોર્ટનો આ ફેંસલો એ જડસુ સમાજવાદી અને ડાબેરી વિચારધારા માટે પણ ઝાટકો છે, જે એવો માહોલ બનાવી રહ્યા હતા કે દેશમાં ગરીબી અને અસમાનતા ત્યારે જ દૂર થઈ શકે છે, જ્યારે સરકાર સંપત્તિનું પુનઃવિતરણ કરવામાં સક્ષમ હોય અને તેને એ અધિકાર મળે કે તે કોઈની પણ સંપત્તિનું અધિગ્રહણ કરી શકે. સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરી દીધું કે સરકાર એક હદ સુધી જ આવું કરી શકે છે. પોતાના ચુકાદાથી સુપ્રીમ કોર્ટે એક રીતે એ પણ રેખાંકિત કરી દીધું કે કટોકટી સમયે બંધારણની પ્રસ્તાવનામાં સેક્યુલરિઝમની સાથે સમાજવાદ શબ્દ ઘૂસાડીને ભારતીય શાસન વ્યવસ્થામાં જે સમાજવાદી રીતભાતો અપનાવવાનું કામ કરવામાં આવ્યું, તે નિરર્થક હતું. આ નિરર્થકતાને એ લોકો પણ સમજે તો સારું, જેઓ સંપત્તિના સર્જન કરતાં વધુ મહત્ત્વ તેના પુનઃવિતરણ કરવાને આપે છે. આ દેશને સમૃદ્ધિ તરફ લઈ જનારો રસ્તો નથી. હોઈ પણ ન શકે, કારણ કે દુનિયાભરનો અનુભવ એ જ દર્શાવે છે કે જે દેશોએ પોતાના લોકોની ભલાઈના નામે અતિવાદી સમાજવાદી રીતભાતો અપનાવી, તે આર્થિક રૂપે મુશ્કેલીમાં જ ઘેરાયા.

ખાનગી સંપત્તિ સંબંધી સુપ્રીમ કોર્ટના તાજા ચુકાદાએ લગભગ ચાર દાયકા જૂના એ ચુકાદાને ફગાવી દેવાનું કામ કર્યું, જેમાં કહેવામાં આવ્યું હતું કે તમામ ખાનગી માલિકીનાં સંસાધનોને રાજ્ય દ્વારા અધિગ્રહિત કરી શકાય છે. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરવાની આવશ્યકતા માની કે ઉપરોક્ત ચુકાદો એક વિશેષ આર્થિક અને સમાજવાદી વિચારધારાથી પ્રેરિત હતો. તેણે એ પણ રેખાંકિત કર્યું કે છેલ્લા કેટલાક દાયકામાં ગતિશીલ આર્થિક નીતિ અપનાવવાથી જ ભારત દુનિયામાં સૌથી ઝડપથી વધતી અર્થવ્યવસ્થા બન્યું છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી એ પણ ખબર પડી રહી છે કે દેશને કોઈ વિશેષ પ્રકારના આર્થિક દર્શનના દાયરામાં રાખવો ઠીક નથી અને આર્થિક રીતભાતો એવી હોવી જોઈએ, જેનાથી એક વિકાસશીલ દેશ રૂપે ભારત ઉભરતા પડકારોનો સામનો કરી શકે. આશા રાખીએ કે સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી ખાનગી સંપત્તિ મામલે હવે તેને લઈને કોઈ શંકા નહીં રહે કે કયું સમુદાયનું સંસાધન છે અને કયું નહીં? કોઈપણ દેશ હોય, તેણે પોતાનું આર્થિક દર્શન દેશ, કાળ અને પરિસ્થિતિઓના હિસાબે અપનાવવું જોઈએ, નહિ કે એ હિસાબે કે જૂની પરિપાટી શું કહે છે? સમયની સાથે બદલાવ જ પ્રગતિનો આધારછે. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે આ આધારને મજબૂતી પ્રદાન કરી.

# રાજકોટ જીવનનગરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લેતા ભાવિકો



રાજકોટ તા.૧૩ જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, શિવશકિત ધૂન મંડળ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગર ચોકમાં શ્રીમદ ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ થયો હતો. મહાદેવધામમાંથી પોથીયાત્રા નીકળી રાજકોટ માર્ગો ઉપર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જીવનનગર, જ્ઞાનજીવન, શિવપરાના રહીશોએ ભાગ લીધો હતો.

સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ શિવશક્તિ ધૂન મંડળનો પરિચય આપી માનવ સેવા એ જ પ્રભુ સેવાનું સૂત્ર સાર્થક કરી સપ્તાહનું આયોજન બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. વ્યાસપીઠ બિરાજમાન શાસ્ત્રી ભાનુશંકરભાઈ મહેતાની સતત ૩૨ વર્ષની સેવાની કદર કરવામાં આવી હતી. ધૂન મંડળે શાસ્ત્રીજીનું વિશેષ બહુમાન કર્યું હતું.

ધૂન મંડળના રેખાબેન વાઢેર, કુસુમબેન ચૌહાણ, જયશ્રીબેન મોડેસરા, પ્રફુલ્લાબેન બોરીચા, દક્ષાબેન મહેતા, પ્રવિણાબેન ગોંડલીયા, હર્ષાબેન પંડયા, દિપ્તીબેન પટેલ, જયશ્રીબેન વ્યાસ, ભદ્રાબેન ગોહેલ, જયાબેન સોલંકી, જયોત્સનાબેન જીવરાજાની, ધારાબેન ભીંડે, પ્રફુલ્લાબેન જોષી વગેરે પૂજાવિધિ સાથે પોથીયાત્રામાં જોડાયા હતા.

પોથીયાત્રામાં પૂજાબેન વાઢેર, વીણાબેન ચૌહાણ, ચેતનાબેન મોડેસરા, ખ્યાતિબેન ચૌહાણ, જલ્પાબેન બોરીચા, યોગિતાબેન ગોહેલ, દિપાલીબેન ગોંડલીયા, આરતીબેન વાઢેર, મિતલબેન પાઠક, હિનાબેન ચૌહાણ, સોનલબેન મોડેસરા, હિનાબેન પંડયા વિગેરે રહીશોએ રાજમાર્ગો ઉપર પોથીનું સ્વાગત વિધિમાં જોડાયા હતા.

ભાગવત કથાકાર શાસ્ત્રીજી ભાનુશંકરભાઈ મહેતાએ સપ્તાહનો હાર્દ સમજાવી ધર્મ રાષ્ટ્રનું અંગ છે. લોકોમાં ભાતૃભાવ, સ્નેહ, દેશપ્રેમ, સમાજ ભાવના, પરિવાર ઉત્થાનનું કાર્યમાં ધર્મને જોડી પુનરૂત્થાન કામ કરવાનું છે. ભાગવત સપ્તાહમાં જીવન જીવવાની પદ્ધતિ સાથે પુરૂષાર્થને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ધર્મ, સમાજ એકબીજાના પર્યાય છે. ધર્મ સંયમ સાથે પ્રવૃતિના કાર્યોને પ્રેરણા આપે છે. કથામાં શાસ્ત્રોકત વિધિ પ્રતિકભાઈ જોષી, દર્શનભાઈ મહેતા, સંગીતમાં નીશીલભાઈ ગોંડલીયા, અનવરભાઈ ભદ્રા, મોહિતભાઈ, વિમલભાઈ સહયોગ આપી રહ્યા છે.

સમિતિના હસુભાઈ મોડેસરા, કનુભાઈ વાઢેર, અંકલેશ ગોહિલ, પ્રશાંત વાઢેર, મિતેશ ચૌહાણ, પ્રકાશ મનસુખભાઈ, રોમિતભાઈ રાજદેવ સહિત કાર્યકરો સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઈન્દિરા ગાંધી સરકારની કટોકટીમાં વિરોધ કરનારા સંજીવ ખન્નાના કાકા મુખ્ય ન્યાયાધીશના હોદ્દાથી વંચિત રહ્યા હતા

નવી દિલ્હી તા. ૧૩ દેશના નવા મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના તેમના પરિવારમાં દેશનું સર્વોચ્ચ કાનૂની પદ મેળવનાર પ્રથમ વ્યક્તિ છે. જોકે તેમના કાકા જસ્ટિસ હંસ રાજ ખન્નાને ૪૭ વર્ષ પહેલાં આ પદ સંભાળવાની તક મળી હતી, પરંતુ તત્કાલીન ઈન્દિરા ગાંધી સરકારે તેમની અવગણના કરી હતી. વાસ્તવમાં જસ્ટિસ હંસ રાજ ખન્ના ૧૯૭૭માં **CJI** પદના પ્રબળ દાવેદાર હતા. પરંતુ કટોકટી દરમિયાન અસંમત ચુકાદો આપ્યા બાદ ઈન્દિરા ગાંધી સરકાર સાથે તેમનો મતભેદ થયો અને તેમણે આ તક ગુમાવી દીધી.

જસ્ટિસ હંસ રાજ ખન્નાનો જન્મ ૧૯૧૨માં થયો હતો. અમૃતસરમાં શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તેમણે વકીલ તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ ૧૯૫૨માં તેમની નિમણૂક જિલ્લા અને સત્ર ન્યાયાધીશ તરીકે કરવામાં આવી હતી. બાદમાં તેમણે દિલ્હી અને પંજાબની હાઈકોર્ટમાં જજ તરીકે સેવા આપી હતી. ૧૯૭૧માં તેઓ સુપ્રીમ કોર્ટ પહોંચ્યા. ૧૯૭૭માં તેઓ **CJI** પદ માટે પ્રબળ દાવેદાર હતા. પરંતુ ૧૯૭૫માં ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા લાદવામાં આવેલી ઈમરજન્સી દરમિયાન એક વળાંક આવ્યો જેના કારણે તેમને આ પદ ન મળી શક્યું.

જસ્ટિસ એચઆર ખન્નાએ ઈંદિરા ગાંધી સરકારના નિર્ણયને દોષી ઠેરવ્યો હતો જેમાં તેણે ઈમરજન્સી દરમિયાન નાગરિકોના અધિકારોને કચડી નાખ્યા હતા. ૨૫ જૂન, ૧૯૭૫ ના રોજ, ઈન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી જાહેર કરી અને બંધારણની કલમ ૩૫૯(૧) નો ઉપયોગ કરીને નાગરિક અધિકારો છીનવી લીધા. મેનેજમેન્ટ ઓફ ઈન્ટરનલ સિક્યુરિટી એક્ટ **(MISA)** કાયદા હેઠળ હજારો લોકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. લોકોએ આ પગલા સામે કોર્ટનો સંપર્ક કર્યો અને અલગ-અલગ કોર્ટમાંથી અલગ-અલગ નિર્ણયો આવવા લાગ્યા. ઘણી હાઈકોર્ટે **MISA** હેઠળ બંધ કેદીઓને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

આ દરમિયાન એક મહત્વનો મામલો સામે આવ્યો છે. એડીએમ જબલપુર વિ શિવકાંત શુકલા કેસ, જેને હેબિયસ કોર્પસ કેસ ૧૯૭૬ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતીય ન્યાયતંત્રના ઈતિહાસમાં આ એક મહત્વપૂર્ણ કેસ હતો. આ કેસમાં ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા લેવામાં આવેલા કેટલાક નિર્ણયોને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યા હતા. આ કેસ એટલો મહત્ત્વનો હતો કારણ કે તેણે બે મહત્ત્વના પ્રશ્નો ઊભા કર્યા - શું સરકાર મનસ્વી રીતે નિર્ણય લઈ શકે છે? અને શું મૂળભૂત અધિકારો પણ સ્થગિત કરી શકાય?

સુપ્રીમ કોર્ટે આ કેસની સુનાવણી માટે પાંચ જજોની બંધારણીય બેંચની રચના કરી હતી. આ બેંચમાં તત્કાલિન ચીફ જસ્ટિસ એએન રે, જસ્ટિસ એમએચ બેગ, જસ્ટિસ વાયવી ચંદ્રચુડ, જસ્ટિસ પીએન ભગવતી અને જસ્ટિસ એચઆર ખન્ના સામેલ હતા. ઈન્દિરા ગાંધી સરકારે બંધારણના અનુચ્છેદ ૩૫૯(૧)ને ટાંકીને દાવો કર્યો હતો કે કટોકટી દરમિયાન રાજ્ય કોઈપણ મૂળભૂત અધિકાર, કલમ ૨૧ હેઠળ ગેરકાનૂની અટકાયત સામેના અધિકારને પણ સ્થગિત કરી શકે છે. ચાર ન્યાયાધીશોએ સ્વીકાર્યું કે સરકાર કોઈપણ મૂળભૂત અધિકારને સ્થગિત કરી શકે છે. માત્ર એક જજે વિરોધ વ્યક્ત કર્યો - તે જજ જસ્ટિસ સંજીવ ખન્નાના કાકા જસ્ટિસ એચઆર ખન્ના હતા.

જસ્ટિસ એચઆર ખન્ના ૧૯૭૭માં આગામી ચીફ જસ્ટિસ બનવાના હતા. પરંતુ ઈમરજન્સી દરમિયાન ઈન્દિરા સરકાર વિરુદ્ધ ચુકાદો આપ્યા બાદ ખન્નાના જુનિયર જજ એમએચ બેગને ભારતના મુખ્ય ન્યાયાધીશ બનાવવામાં આવ્યા હતા. એમ.એચ. બેગે હેબિયસ કોર્પસ કેસમાં માત્ર સરકારને ટેકો આપ્યો ન હતો, પરંતુ તેમણે 'રાજ્ય કેદીઓની માતાની જેમ સંભાળ રાખે છે' એમ કહીને હદ વટાવી દીધી હતી. બેગને ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત કર્યા બાદ જસ્ટિસ એચઆર ખન્નાએ રાજીનામું આપ્યું હતું.

# લગ્નસરાના પ્રારંભે સોના-ચાંદીના ભાવમાં કડાકો થયો

નવી દિલ્હી તા. ૧૩ લગ્નસરાની સિઝન શરૂ થાય તે પહેલા સોના-ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં નબળા વલણ વચ્ચે સોમવારે રાષ્ટ્રીય રાજધાનીના બુલિયન માર્કેટમાં સોનું ૪૫૦ રૂપિયા ઘટીને ૭૯,૫૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયું. ઓલ ઈન્ડિયા બુલિયન એસોસિએશને આ માહિતી આપી હતી. શુક્રવારે સોનું ૮૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. ચાંદીનો ભાવ પણ રૂ. ૬૦૦ ઘટીને રૂ. ૯૪,૦૦૦ પ્રતિ કિલો પર આવી ગયો હતો, જ્યારે અગાઉના ટ્રેડિંગ સત્રમાં તેનો ભાવ રૂ. ૯૪,૬૦૦ પ્રતિ કિલો હતો.

૯૯.૫ ટકા શુદ્ધતાના સોનાની કિંમત પણ ૪૫૦ રૂપિયા ઘટીને ૭૯,૧૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. શુક્રવારે તે ૭૯,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો. ન્દ્વઁ સિક્યોરિટીઝના વાઈસ પ્રેસિડેન્ટ રિસર્ચ એનાલિસ્ટ (કોમોડિટી અને કરન્સી) જતિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, 'સોનાના ભાવ ઘટી રહ્યા છે, કોમેક્સ ઘટી રહ્યો છે, વર્તમાન ભાવ શુક્રવારના ૨,૬૮૫ ડોલરના બંધ ભાવથી નીચે છે કારણ કે ડૉલર ઈન્ડેક્સ ત્યાં પીળી મેટલ પર દબાણ છે.

તેમણે કહ્યું કે, 'ડોનાલ્ડ ટ્રમ્પની ચૂંટણીમાં જીત બાદ યુએસ બોન્ડના ભાવમાં વધારો બુલિયનમાં સુધારાત્મક વલણને પ્રોત્સાહન આપી રહ્યો છે. જોકે, એશિયન માર્કેટમાં કોમેક્સ સિલ્વર ફ્યુચર્સ ૦.૨૩ ટકા વધીને ઈ૩૧.૫૨ પ્રતિ ઔંસ થયું હતું. દરમિયાન, નબળા વૈશ્વિક સંકેતો વચ્ચે, સોમવારે વાયદાના વેપારમાં સોનાની કિંમત રૂ. ૫૩૧ ઘટીને રૂ. ૭૬,૭૪૧ પ્રતિ ૧૦ ગ્રામ થઈ હતી. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ડિસેમ્બરમાં ડિલિવરી માટેના કોન્ટ્રાક્ટની કિંમત રૂ. ૫૩૧ અથવા ૦.૬૯ ટકા ઘટીને રૂ. ૭૬,૭૪૧ પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. આમાં ૧૦,૦૫૨ લોટનો વેપાર થયો હતો.

બજારના વિશ્લેષકોએ જણાવ્યું હતું કે વૈશ્વિક બજારોમાં નબળા વલણને કારણે સોનાના વાયદાના ભાવમાં ઘટાડો થયો હતો. વૈશ્વિક સ્તરે, ન્યૂયોર્કમાં સોનું ૦.૫૯ ટકા ઘટીને ઈ૨,૬૭૮.૮૦ પ્રતિ ઔંસ થયું હતું.

બીજી તરફ, નબળા હાજર માંગ વચ્ચે વેપારીઓએ



તેમના સોદાના કદમાં ઘટાડો કર્યો હોવાને કારણે સોમવારે વાયદાના વેપારમાં ચાંદીની કિંમત રૂ. ૪૮૪ ઘટીને રૂ. ૯૦,૭૮૫ પ્રતિ કિલોગ્રામ પર આવી હતી. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર, ડિસેમ્બરમાં ડિલિવરી માટે ચાંદીના કોન્ટ્રેક્ટની કિંમત રૂ. ૪૮૪ અથવા ૦.૫૩ ટકા ઘટીને રૂ. ૯૦,૭૮૫ પ્રતિ કિલો પર આવી ગઈ છે. આમાં ૨૩,૪૦૫ લોટનો વેપાર થયો હતો. વૈશ્વિક સ્તરે ન્યુયોર્કમાં ચાંદીનો ભાવ ૦.૨૦ ટકા ઘટીને ૩૧.૩૯ ડોલર પ્રતિ ઔંસ થયો હતો.

# દેશનો સૌથી મોંઘો ગાયક એ.આર. રહેમાન, એક કલાકની ફી રૂા. ૩ કરોડ અને નેટવર્થ રૂા. ૨૧૦૦ કરોડ



મુંબઈ તા.૧૩ લતા મંગેશકરે ૬૦ના દાયકામાં બોલિવૂડમાં હલચલ મચાવી હતી જ્યારે તેણે ફિલ્મોમાં પુરૂષ ગાયકોના સમાન પગારની માંગ કરી હતી. ગાયિકા ખૂબ જ ફેમસ હતી પરંતુ તેને વધારે ફી ન મળી. તે સમયે મોહમ્મદ રફી અને મન્ના ડે જેવા લોકો દરેક ગીત માટે ૩૦૦ રૂપિયા લેતા હતા. પરંતુ લતા માટે બાબત અલગ હતી. જેમ જેમ આલ્બમ્સ યુટ્યુબ પર જગ્યા લેવાનું શરૂ થયું, તેમ કલાકારો માટે જગ્યા પણ વધી. આજે, ભારતમાં મોટા ગાયકો દરેક ગીત માટે લાખો રૂપિયા ચાર્જ કરી શકે છે અને તેમ છતાં એક ગાયક એવો છે જે ઉદ્યોગમાં સૌથી મોંઘો છે. શું તમે અનુમાન લગાવી શકો છો કે તે કોણ છે?

એઆર રહેમાન હાલમાં ભારતમાં સૌથી વધુ કમાણી કરનાર ગાયક છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, એઆર રહેમાન કોન્સર્ટમાં ગાવા માટે રૂ. ૩ કરોડ અને ગીતો માટે સંગીત આપવા માટે રૂ. ૮ થી ૧૦ કરોડ સુધીનો ચાર્જ લે છે. આ ભારતમાં કોઈપણ ગાયક દ્વારા વસૂલવામાં આવતી રકમ કરતાં ૧૨-૧૫ ગણી વધારે છે.

તેમના વિશે ખાસ વાત એ છે કે તેઓ પોતાના ગીતો જાતે લખે છે, તેથી રહેમાન હંમેશા પોતાના ગીતો ગાય છે. પરંતુ જ્યારે પણ તે કોઈ બીજાના સર્જનમાં પોતાનો અવાજ આપે છે, ત્યારે નિર્માતાઓએ તેને પ્રીમિયમ મની એટલે કે થોડી વધુ રકમ ચૂકવવી પડે છે. રિપોર્ટ્સનું માનીએ તો તેમની કુલ સંપત્તિ ૨૧૦૦ કરોડ રૂપિયા છે.

પીઢ ગાયકોમાં, શ્રેયા ઘોષાલ ભારતમાં સૌથી વધુ કમાણી કરતી ગાયિકા છે. ૪૦ વર્ષીય શ્રેયા કથિત રીતે તેના દરેક ગીત માટે ૨૫ લાખ રૂપિયા ચાર્જ કરે છે. શ્રેયા પછી ત્રીજા સ્થાને સુનિધિ ચૌહાણ છે, જે દરેક ગીત માટે ૧૮-૨૦ લાખ રૂપિયા ચાર્જ કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અરિજીત સિંહ પણ આટલી જ રકમ લે છે.

સોનુ નિગમ એક ગીત માટે ૧૫-૧૮ લાખ રૂપિયાની ફી સાથે ટોપ ૫માં છે. અહેવાલો અનુસાર, રેપર્સ બાદશાહ અને દિલજીત દોસાંઝે છેલ્લા કેટલાક વર્ષોમાં તેમની ફીમાં વધારો કર્યો છે અને ટૂંક સમયમાં તેઓ ટોપ ૫માં પ્રવેશ કરી શકે છે.

# iPhone પણ લાવી રહ્યું છે કોલ રેકોર્ડિંગનું નવું ફિચર, સાવચેતી જરૂરી



નવી દિલ્હી તા. ૧૩ કંપનીઓ સતત કોલ રેકોર્ડિંગ પર કામ કરી રહી છે કારણ કે લોકોની માંગ છે. યુઝર્સની માંગને ધ્યાનમાં રાખીને આઈફોનમાં પણ કોલ રેકોર્ડિંગનું નવું ફીચર આપવામાં આવી રહ્યું છે. જો કે આ ફીચરનો ઉપયોગ કરતા પહેલા તમારે ઘણી બાબતોનું ખાસ ધ્યાન રાખવું પડશે. કારણ કે એક ભૂલ તમારી સમસ્યાઓ વધારી શકે છે. આ અંગે કેટલિક ઉપયોગી આ ટિપ્સ.

ભારતમાં કોલ રેકોર્ડિંગ ગેરકાયદેસર નથી. અહીં કોઈપણ બે પક્ષકારો તેમની વાતચીત રેકોર્ડ કરી શકે છે. સામાન્ય રીતે જ્યારે પણ તમે કોલ રેકોર્ડિંગ શરૂ કરો છો ત્યારે સૂચના આપવામાં આવે છે. આ નોટિફિકેશનની મદદથી અન્ય યુઝરને પણ ખબર પડે છે કે તેનો કોલ રેકોર્ડ થઈ રહ્યો છે. આ જ કારણ છે કે ઘણા યુઝર્સ આવું કરવાનું ટાળવા લાગે છે. જો કે, એવા ઘણા દેશો છે જ્યાં તમે કૉલ રેકોર્ડ કરી શકતા નથી અને જો તમે આમ કરો છો તો તમારે કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે.

એન્ડ્રોઈડ ડિવાઈસ પર કોલ રેકોર્ડિંગ ફીચર પહેલેથી જ આપવામાં આવી રહ્યું છે. ઘણા સ્માર્ટફોનમાં આ અંગેની સૂચના પહેલાથી જ આપવામાં આવી છે. જો તમે પણ આવું કરો છો તો તે તમારા માટે ઘણું મુશ્કેલ બની શકે છે. તમારે ભૂલથી પણ આવું ન કરવું જોઈએ. તમારે કૉલ રેકોર્ડિંગ વિશે ખૂબ જ સાવચેત રહેવું જોઈએ. જોકે, હાલમાં **Apple iPhone** યુઝર્સને કોલ રેકોર્ડિંગની સુવિધા આપી રહી છે.

સ્માર્ટફોનમાં કંપનીઓ દ્વારા કોલ રેકોર્ડિંગની સુવિધા અલગથી આપવામાં આવી રહી છે. જો તમે પણ રેકોર્ડ કરવા માંગો છો, તો તમારે તે ફીચર પર ક્લિક કરવું પડશે. એકવાર તમે તેના પર ક્લિક કરો, તમારા ફોનમાં કૉલ રેકોર્ડિંગ શરૂ થશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આઝાદી એ વિકાસનું પહેલું પગથિયું છે...

- સ્વામિ વિવેકાનંદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૧૨ તુલસી વિવાહ આરંભ, ચાતુર્માસ સમાપ્ત, પંચક (પરોઢે ૩:૧૨ ક.થી સમાપ્ત) તા.૧૩ નવેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૦, રેવતી નક્ષત્ર, વજ્ર યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૦૪, સૂ.અ.૬:૦૬

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), પરોઢે ૩:૧૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રયત્ન પ્રમાણે જોઈએ તેવી સફળતા ન મળે. ગૃહજીવનમાં સંવાદિતતા રહે.
વૃષભ: મિત્રોની મદદની આશાએ ન બેસી રહેવું. વ્યર્થ ચિંતા અનુભવાય.
મિથુન: નાનો ખર્ચનો પ્રસંગ બને. માનસિક પ્રફુલિતતા રહે.
કર્ક: કાર્યોમાં ધારી સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતી થાય.
સિંહ: સુખ અને આનંદમાં વધારો થાય, ગુપ્ત શત્રુથી સાવધ રહેવું.
કન્યા: આર્થિક આયોજન ગોટે ચડે. વડીલવર્ગથી મતભેદ રહે.
તુલા: ખાવાપીમાં કાળજી રાખવી. સસરાપક્ષથી લાભ થાય.
વૃશ્ચિક: વેપાર-ધંધામાં લાભ રહે. અગત્યના કાર્યમાં સફળતા મળે.
ધન: અગત્યના કાર્યમાં નાનું વિઘ્ન આવે. આરોગ્યમાં તંદુરસ્તી અનુભવાય.
મકર: કોર્ટ-કચેરીના કાર્યો ટાળવા, પારિવારીક જીવનમાં આનંદ રહે.
કુંભ: સંતાનવર્ગ સાથે મનદુઃખ રહે. આવકમાં વૃધ્ધિથાય.
મીન: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.

# રાજ્યના ૨૩.૬૦ લાખથી વધુ લોકોને મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ઓનરૂટ OPD સેવાઓ અપાઈ




ગાંધીનગર, તા.૧૩

રાજ્યના છેવાડાના નાગરિકોને આરોગ્યલક્ષી પાયાની સુવિધાઓ મળી રહે તેવા ઉમદા આશયથી હાલ ગુજરાતમાં ૧૨૮ મોબાઈલ હેલ્થ યુનિટો કાર્યરત છે. જેમાં ૪૫ મોબાઈલ હેલ્થ યુનિટ (MHU), ૩૦ મોબાઈલ મેડિકલ યુનિટ (MMU) તેમજ ૫૩ મોબાઈલ હેલ્થ યુનિટ (એએસવી એમએયુ) અડીખમ છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૧૪, વલસાડમાં ૧૧ અને બનાસકાંઠામાં ૦૯ મોબાઈલ હેલ્થ યુનિટ કાર્યરત છે. છેલ્લા એક વર્ષમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૩૮,૦૯૯ રૂટ કરી ૨૩.૬૦ લાખથી વધુ નાગરિકોને ઓન રૂટ ઓ.પી.ડી. સેવાઓ આપી છે. જેમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૧૫,૯૮૩ રૂટ ઉપર ૧,૨૪,૪૫૪૦ દર્દીઓની સેવા આપી, મોબાઈલ હેલ્થ યુનિટે ૧૩,૦૯૭ રૂટ કરી ૩,૯૦,૭૧૨ તેમજ મોબાઈલ મેડિકલ યુનિટ દ્વારા ૯૦૧૯ રૂટ કરી ૭,૨૫,૦૨૫ નાગરિકોને સારવાર આપવામાં આવી છે. મોબાઈલ હેલ્થ યુનિટ એમએચયુ, એમએમયુ અને એએસવી એમએયુ યુનિટ દ્વારા નાના બાળકોની સારવાર, રોગ અટકાયત માટે જરૂરી માર્ગદર્શન, આંગણવાડી શાળાના બાળકોની તપાસ અને સારવાર અંગત સ્વચ્છતા, તરૂણ સ્વાસ્થ્ય સેવાઓ ઉપરાંત તમાકુના રોગો, એચાઈવી/ એઈડસ વગેરે જેવા રોગો વિષે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લા એક વર્ષમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૧૧,૩૫૯ પૂર્વ પ્રસૂતિ સંભાળ સેવા આપી છે. જ્યારે ૧.૨૫ લાખથી વધુ તરૂણોને, ૫૯,૦૬૪ આંગણવાડીનાર બાળકોની તપાસણી કરી, ૧,૦૫૫ હાઈરીસ્ક માતાઓ તેમજ ૩૫૦ તાત્કાલિક સેવાઓ એમ કુલ મળીને ૧,૯૬,૯૦૪ નાગરિકોને મોબાઈલ હેલ્થ યુનિટ થકી સારવાર આપવામાં આવી છે. મોબાઈલ મેડીકલ યુનીટમાં હિમોગ્લોબિન, મેલેરીયા સ્લાઈડ, પેશાબ સંબંધિત પ્રાથમિક આરોગ્યની તપાસ પણ કરવામાં આવે છે. જેમાં છેલ્લા એક વર્ષમાં ૧૨૮ મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા કુલ ૪.૯૦ લાખથી વધુ નાગરિકોનો લેબોરેટરી તપાસ ઓન રૂટ કરવામાં આવી છે. જે અંતર્ગત ૩,૩૧,૧૫૪ નાગરીકોની લોહીની તપાસ, ૧,૨૬,૪૪૦ પેશાબની તપાસ તેમજ ૩૩,૨૮૬ નાગરીકોની મેલેરિયા પેરાસાઈટની તપાસણી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોબાઈલ હેલ્થ/મેડીકલ યુનીટને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવે છે તેથી આરોગ્યની સેવાઓનુ સુચારૂ સંકલન થાય તેમજ સરળતાથી સેવાઓ આપી શકે. સાથોસાથ દરેક મોબાઈલ યુનિટ સ્થાનિક જરૂરીયાત મુજબ પીએચસી મેડીકલ ઓફિસર, ટી.એચ.ઓ અને સી.ડી.એચ.ઓ દ્વારા એકશન પ્લાન અને ફિકસ રૂટ પ્લાન પ્રમાણે ચાલે છે અને આ વાહન ગ્રામ પંચાયત ખાતે ઉભું રહે છે.

# જાતિની વસ્તી ગણતરી, મહિલાઓ માટે રૂા. ૩૦૦૦ : ખડગેએ મહારાષ્ટ્ર ચૂંટણી માટે MVAના મેનિફેસ્ટોનું અનાવરણ કર્યું

મુંબઈ તા.૧૩

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં રાજકીય દળોએ વચનોનો પટારો ખોલવાનું શરૂ કરી દીધું છે. રવિવારે પહેલાં ભાજપે પોતાનું સંકલ્પ પત્ર રજૂ કર્યું અને થોડા કલાકો બાદ મહાવિકાસ અઘાડીએ પોતાનો ચૂંટણી ઢંઢેરો પણ રજૂ કરી દીધો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે તરફથી રજૂ કરવામાં આવેલા ચૂંટણી ઢંઢેરામાં ઘણાં વચન આપવામાં આવ્યા છે. જેમાં ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવું અને મહિલાઓને દર મહિને ૩ હજાર રૂપિયાનું ભથ્થું સામેલ છે. સાથે જ સત્તામાં આવતા જ જાતિ જનગણના કરાવવાનો વાયદો પણ કરવામાં આવ્યો છે. મહા વિકાસ અઘાડીના ચૂંટણી ઢંઢેરાને 'મહારાષ્ટ્રનામા' નામ આપવામાં આવ્યું છે. આ અવસર ઉપર શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉત, NCP-SCP સાંસદ સુપ્રીયા સુલે, કોંગ્રેસ મહાસચિવ કેસી વેણિગોપાલ અને અન્ય નેતા હાજર રહ્યા હતાં. મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું, 'અમે મહારાષ્ટ્ર ચૂંટણી માટે ઘોષણા પત્ર રજૂ કરી રહ્યા છીએ. મહારાષ્ટ્રમાં ચૂંટણી દેશ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ ચૂંટણી છે. આ ચૂંટણી દેશનું ભવિષ્ય બદલનારી ચૂંટણી છે. જો મહારાષ્ટ્રમાં એમવીએની સરકાર લાવીશું તો એક સ્થિર અને સારૂ સુશાસન મેળવી શકીશું. મહારાષ્ટ્રની પ્રગતિ અને વિકાસના ૫ સ્તંભ છે. જે ખેતી અને ગ્રામીણ વિકાસ, ઉદ્યોગ અને રોજગાર, શહેરી વિકાસ, પર્યાવરણ અને જન કલ્યાણ ઉપર આધારિત છે.' કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કહ્યું, 'નોકરી ઈચ્છતા યુવાનોને ૪ હજાર રૂપિયા માસિક સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. ૨૫ લાખ રૂપિયાની સ્વાસ્થ્ય વીમા યોજના રાજસ્થાનમાં અશોક ગેહલોત તરફથી શરૂ કરવામાં આવી હતી. તેને મહારાષ્ટ્રમાં પણ લાગુ કરવામાં આવશે. અમે મફત દવા ઉપલબ્ધ કરાવવાનું પણ વચન આપીએ છીએ. અમે જાતિ જનગણનાનો નિર્ણય કર્યો છે. જાતિ જનગણનાનો હેતુ લોકોમાં ભાગલા પાડવાનો નહીં, પરંતુ સમજવાનો છે કે, વિવિધ સમુદાય કઈ સ્થિતમાં છે, જેથી તેઓને લાભ મળી શકે.' મહારાષ્ટ્રમાં એમવીએ ગઠબંધન તરફથી પાંચ ગેરંટી આપવામાં આવી છે. આ હેઠળ પહેલી ગેરંટીમાં મહાલક્ષ્મી યોજના દ્વારા મહિલાઓને દર મહિને ૩ હજાર રૂપિયા આપવામાં આવશે. સાથે જ, તમામ મહિલાઓને મફત બસ સેવા આપવાનું પણ વચન આપવામાં આવ્યું છે. બીજી ગેરંટી સમાનતા છે. આ હેઠળ, જાતી જનગણનાની જોગવાઈ કરવામાં આવી છે. ૫૦ ટકા આરક્ષણને દૂર કરવાની પણ વાત કરવામાં આવી છે. ત્રીજી ગેરંટીમાં કુટુંબ રક્ષા યોજના સામેલ છે, જે હેઠળ ૨૫ લાખ રૂપિયા સ્વાસ્થ્ય વીમા અને મફત દવા આપવાનું વચન આપવામાં આવ્યું છે. કૃષિ સમૃદ્ધિ યોજના હેઠળ ખેડૂતોનું ત્રણ લાખ સુધીનું દેવું માફ કરવામાં આવશે. સમયસર ચૂકવણી કરવા ઉપર ૫૦ હજાર રૂપિયાની પ્રોત્સાહન રકમ પણ આપવામાં આવશે. આ સિવાય, બેરોજગારોને દર મહિને ૪ હજાર રૂપિયા આપવાનું વચન આપવામાં આવ્યું છે.



# રાજ્યની ૮ મહાનગરપાલિકાના મેયરની ચૂંટણી માટેનું રોસ્ટર શિડ્યુલ જાહેર કરાયું

અમદાવાદ, તા.૧૩

ગુજરાતની ૮ મહાનગર પાલિકાના મેયરોની ચૂંટણી માટેનું રોસ્ટર શિડયુઅલ જાહેર કરાયું છે. આ સાથે નોટિફિકેશન પ્રમાણે તે તમામ ૮ મનપાના મેયરો માટે કેટલી ટર્મ રાખવામાં આવી છે તે અંગે પણ માહિતી આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ અમદાવાદમાં આગામી મેયર પ્રથમ અઢી વર્ષ માટે પછાત વર્ગમાંથી અને બીજા અઢી વર્ષમાં મહિલાને મળશે. તેવી જ રીતે સુરતમાં આગામી પાંચ વર્ષની ટર્મમાં મહિલા અને જનરલ કેટેગરીના મેયર મળશે. જ્યારે વડોદરા માટે અનુસૂચિત જાતિ અને મહિલા અઢી અઢી વર્ષ ની ટર્મમાં ચૂંટાશે. અન્ય શહેરો માટે જેમ કે રાજકોટ, જનરલ કેટેગરી અને વુમન (શ્યુલ કાસ્ટ), ભાવનગર, વુમન એન્ડ જનરલ જામનગર, વુમન એન્ડ જનરલ જૂનાગઢ, જનરલ એન્ડ વુમન (બેકવર્ડ કલાસ) ગાંધીનગર, બેકવર્ડ ક્લાસ અને વુમન મેયર અઢી વર્ષની મુદત માટે ગુજરાતના ૮ મહાનગરો જેવા કે ગાંધીનગર, અમદાવાદ, ભાવનગર, જામનગર, રાજકોટ, સુરત અને વડોદરા માટે ૨૦૨૬માં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી લડશે. આ શહેરોમાં છેલ્લી ચૂંટણી ૨૦૨૧માં થઈ હતી. જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી છેલ્લે ૨૦૧૯માં થઈ હતી. જેની પણ હવે મુદત પૂરી થઈ ગઈ હોવાથી અહીં ચૂંટણી થવાની છે.

# રાજ્યભરમાં 'નમો લક્ષ્મી' યોજના અંતર્ગત ૭ લાખ વિદ્યાર્થિનીઓને ૧૭૪ કરોડથી વધુની સહાય અપાઈ

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુકત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં શિક્ષણ ક્ષેત્રે બે નવી યોજના 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યાર સુધીમાં સાત લાખથી વધુ વિદ્યાર્થીનીઓને રૂ.૧૭૪ કરોડથી વધુની સહાય જ્યારે નમો સરસ્વતી યોજના હેઠળ એક લાખથી વધુ વિદ્યાર્થીઓને અંદાજિત રૂા. ૪૦ કરોડથી વધુની સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવાઈ છે. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪માં નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના શરૂ કરવામાં આવી છે. આ બંને યોજનાઓ દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ બંને યોજનાઓ શરૂ થવાથી રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીનીઓની સંખ્યામાં તેમજ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થશે. નોંધનીય છે કે, આ યોજનાનો લાભ જે વિદ્યાર્થીઓ ધો-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી /અનુદાનિત/ સ્વ નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને જ લાભ મળે છે. આ બંને યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓની શાળામાં માસિક ૮૦ ટકા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ બંને યોજનાઓ શરૂ થવાથી રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીનીઓની સંખ્યામાં તેમજ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થશે. નોંધનીય છે કે, આ યોજનાનો લાભ જે વિદ્યાર્થીઓ ધો-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી / અનુદાનિત/ સ્વ નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને જ લાભ મળે છે. આ બંને યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓની શાળામાં માસિક ૮૦ ટકા હાજરી હોવી જરૂરી છે. અરજદાર વિદ્યાર્થીની અરજી ઓનલાઈન તેમની શાળા દ્વારા જ કરવામાં આવે છે. લાભાર્થીને સહાયની ચૂકવણી સીધી જ લાભાર્થીના માતાના બેન્ક ખાતામાં DBTના માધ્યમથી જમા કરાય છે.

# ગુજરાતના વિવિધ જિલ્લાઓનું લઘુતમ તાપમાન ઘટ્યું પણ હજુ પાંચ દિવસ ગરમી અનુભવાશે

અમદાવાદ, તા.૧૩

ચોમાસાની ઋતુ બાદ ગુજરાતમાં બપોરના સમયે ચામડી દાઝે તેવો તડકો પડી રહ્યો છે. વરસાદ બાદ સીધી ગરમીનો અહેસાસ લોકોને થઈ રહ્યો છે. ત્યારે રાજ્યના વિવિધ જિલ્લાઓના લઘુતમ તાપમાનમાં ઘટાડો થયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી પાંચ દિવસ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન યથાવત રહેવાની શક્યતાઓ છે, પરંતુ લઘુત્તમ તાપમાન છેલ્લા બે દિવસમાં વિવિધ જિલ્લાઓમાં ૧ ડિગ્રી જેટલું ઘટ્યું છે. હજુ પણ આગામી પાંચ દિવસ દરમ્યાન લઘુતમ તાપમાનમાં વધુ એક ડિગ્રી ઘટવાની સંભાવના છે. જેથી ગુજરાતીઓને રાત્રે ઠંડકનો અનુભવ થશે. પરંતુ હજુ પણ આગામી પાંચ દિવસ ગુજરાતીઓને દિવસ દરમ્યાન ગરમી અનુભવાશે. જેથી દિવસ અને રાત્રિના તાપમાનમાં વધારે ફેરફાર હોવાથી દિવસે અકળામણનો પણ અનુભવ થઈ શકે છે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારમાં આ સ્થિતિ હજુ પણ આગામી પાંચ દિવસ દરમ્યાન અનુભવાશે. ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ નવેમ્બર મહિનાના પ્રથમ પખવાડિયામાં ગુજરાત રાજ્યમાં ઠંડીનો ચમકારો અનુભવાય તેની શક્યતા ખૂબ જ ઓછા પ્રમાણમાં હતી. જે મુજબ હજુ પણ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં અત્યંત ગરમીનો અનુભવ થઈ રહ્યો છે અને નવેમ્બર મહિનામાં શિયાળાની શરૂઆત થાય તેવી અસર વર્તાઈ રહી નથી, પરંતુ હવે ધીમે ધીમે આગામી પાંચ દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો આવવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ વધશે તેવી શક્યતાઓ છે. હજુ પણ ગુજરાત રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી વધુ નોંધાઈ રહ્યું છે જેથી દિવસ દરમ્યાન ગરમીનો અનુભવ થાય છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યભરમાં ૩૮ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે રાજકોટ શહેરમાં સૌથી વધુ ગરમીનો અનુભવ થયો હતો. જ્યારે ૧૮.૬ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ ઠંડીની અસર વર્તાઈ હતી. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ તાપમાનમાં ફેરફાર થવાની કોઈ શક્યતા દર્શાવાઈ નથી.

# વૈકલ્પિક વિષયોના શિક્ષકોની ખાલી જગ્યા પોર્ટલ ઉપર અપલોડ કરાશે

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વૈકલ્પિક વિષયોના શિક્ષકોની ખાલી જગ્યાની વિગતો પોર્ટલ ઉપર અપલોડ કરવા માટે આદેશ અપાયો છે. કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા અન્વયે ચિત્ર, સંગીત અને કોમ્પ્યુટર જેવા વૈકલ્પિક વિષયના શિક્ષકોની ખાલી જગ્યાની વિગતો પોર્ટલ ઉપર અપલોડ કરવા જણાવાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યના વિવિધ શૈક્ષણિક સંગઠનો તથા અરજદારો દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળઆઓમાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયામાં મુખ્ય વિષયો ઉપરાંત અન્ય વિષયોના શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગતો પોર્ટલ ઉપર અપલોડ કરવા માટે કમિશનર ઓફ સ્કૂલની કચેરી સમક્ષ રજૂઆત કરી હતી. જેમાં કાયમી ધોરણે રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ સ્કૂલોમાં ચિત્ર, સંગીત અને કમ્પ્યુટર જેવા વૈકલ્પિક વિષયોના શિક્ષકોની જગ્યા ભરવા માટે રજૂઆતો પણ મળી હતી. રજૂઆતોના પગલે કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાંથી વૈકલ્પિક વિષયોના શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગતો મંગાવવાનું આયોજન કર્યું હોવાનું જાણવા મળે છે. કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખ્યો છે. જેમાં જણાવાયું છે કે, જિલ્લાની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણીક કાર્યભારને ધ્યાને લઈ મળવાપાત્ર શિક્ષકો પૈકી વૈકલ્પિક વિષયના શિક્ષકોની ખાલી જગ્યાઓની માહિતી યોગ્ય રીતે શાળા દ્વારા આપવામાં આવેલ છે કે કેમ તેની પૂરતી ચકાસણી કરી ચિત્ર, સંગીત અને કોમ્પ્યુટર જેવા વૈકલ્પિક વિષયના શિક્ષકોની જગ્યા ઉપલબ્ધ હોય તો તેની વિગતો તાત્કાલિક પોર્ટલ ઉપર અપલોડ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

# હવામાનની સતત કથળતી જતી સ્થિતિ : માનવજાત સુધરે...!

છેલ્લા કેટલાક દાયકાઓથી વૈશ્વિક તાપમાનમાં થતો વધારો એ ચિંતાનો વિષય છે. જેના કારણે સમગ્ર વિશ્વમાં ગંભીર પડકારો ઉભા થયા છે. પરંતુ તકલીફ એ છે કે આ મુદ્દે ક્યાંય કશું નક્કર કામ કરવામાં આવી રહ્યું નથી. ઉલટાનું હવે હવામાનમાં એટલી હદે પલટો આવવા લાગ્યો છે કે જે મહિનામાં ઠંડીનો અહેસાસ થતો હતો તે જ મહિનામાં તાપમાન વધવા લાગ્યું છે જે ભવિષ્યમાં આવનારા સંકટના સંકેત આપે છે.

દાખલા તરીકે, ભારતના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વર્ષે ઓક્ટોબર મહિનો દેશમાં ૧૯૦૧ પછીનો સૌથી ગરમ મહિનો રહ્યો હતો અને સરેરાશ તાપમાન સામાન્ય કરતા ૧.૨૩ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. એટલે કે એકસો ચોવીસ વર્ષ પછી પહેલીવાર ઓક્ટોબર મહિનામાં હવામાન એટલું ગરમ હતું કે તેને સામાન્ય તાપમાન માનવામાં આવતું નથી. એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે નવેમ્બરમાં પણ આગામી બે સપ્તાહ સુધી તાપમાન સામાન્ય કરતા બેથી પાંચ ડિગ્રી વધુ રહેશે !! અર્થાત શિયાળાની ઋતુમાં પણ ગરમીનો અહેસાસ ચાલુ રહેશે...!!

હાલમાં, હવામાનની વધઘટ એ હવામાનશાસ્ત્રીઓ માટે પણ અભ્યાસનો વિષય છે. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વખતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ગેરહાજરી અને બંગાળની ખાડીમાં સક્રિય ચક્રવાત સહિત ઘણા ઓછા દબાણવાળા વિસ્તારોની રચનાને કારણે સરેરાશ લઘુતમ તાપમાન વધુ નોંધાયું હતું. તાજેતરના દાયકાઓમાં ગ્લોબલ વોર્મિંગમાં વધારા માટે જે પરિબળોની ઓળખ કરવામાં આવી છે તેના ઉકેલો શોધવામાં ઘણી ગતિવિધિઓ થઈ રહી હોવાનું જણાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જે દેશો કાર્બન ઉત્સર્જન માટે સૌથી વધુ જવાબદાર ગણાય છે, તે દેશોમાં આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે કોઈ કાર્યક્રમ જ નથી. બલ્કે શબ્દો ચોર્યા વગર કહીએ તો તેમને કંઈ પડી જ નથી.

જગતના મોટાભા થઈને ફરતા આ વિકસીત દેશો દ્વારા તમામ જવાબદારી વિકાસશીલ દેશો ઉપર લાદવામાં આવે છે. જો કે, આ સમસ્યા માત્ર એક કે અમુક દેશો પુરતી મર્યાદિત નથી. સમગ્ર દુનિયા તેનાથી પ્રભાવિત છે અને દરેક વ્યક્તિએ હવામાનની આ અનિયમિતતાને ગંભીરતાથી લેવાની જરૂર છે. હવામાનની પોતાની ચાલ હોય છે અને સમયચક્ર પ્રમાણે તાપમાનમાં વધઘટ થાય છે, પરંતુ જો સમયસર આ કટોકટીનો સામનો કરવા માટે પગલાં લેવામાં નહીં આવે તો તેની અસર સહન કરવી મુશ્કેલ બની જશે. આજની દુનિયા ભૌતિક સુવિધાઓ માટે એટલી બધી તલપાપડ છે કે તે પૃથ્વીના વાતાવરણ સાથે ભયંકર ચેડાં કરતા પણ અચકાતી નથી. મોટાભાગના દેશોમાં હવે એ સ્થિતિ છે કે તેમને ઠંડી, ગરમી કે વરસાદ જેવા કુદરતી ચક્રોને સહન કરવા નથી. જરા ઠંડી પડે તો હિટર જોઈએ અને જો ગરમી પડે તો એ.સી. જોઈએ જ. માનવીઓએ કુદરતે બક્ષેલી ઠંડી ગરમીને સહન કરવાની કુદરતી શક્તિ જ ગુમાવી દીધી છે. પરિણામ સામે છે. આધુનિક માનવી શારીરિક રીતે વધુને વધુ નબળો થતો જઈ રહ્યો છે. જ્યારે આ જ તાપમાન કે આબોહવામાં માનવી સિવાયના સજીવો પ્રાણીઓ-પક્ષીઓ, જીવજંતુઓ, જળચરો વગેરે પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યા છે જ્યારે માનવી વધુને વધુ ભૌતિકવાદી થતો જઈ રહ્યો છે. તેના પરિણામે ગ્લોબલ વોર્મિંગથી માંડીને અનેક સમસ્યાઓ પૃથ્વીના વાતાવરણને બગાડી રહી છે અને આ સ્વાર્થી માનવોના પાપે જ સમગ્ર જીવસૃષ્ટિ સામે પણ ખતરો ગંભીર બનતો જઈ રહ્યો છે. માણસો પોતાના આંધળા વિકાસના નામે પોતાના અસ્તિત્વને તો ખતરામાં નાખી જ રહ્યા છે પણ તેમના પાપે પ્રાણીઓ-પક્ષીઓ સહિતના સજીવો અને વનસ્પતિઓ વગરે પણ માઠાં પરિણામો ભોગવી રહ્યા છે.

## ઈ-મેમોની સંખ્યાની દૃષ્ટિએ હાલ ઉત્તરપ્રદેશ દેશમાં પ્રથમ

# ગુજરાત ઈ-મેમો ઈસ્યુ કરવાની બાબતમાં દેશભરમાં ચોથા નંબરે

## રાજ્યમાં ચાલુ વર્ષે નિયમના ભંગ બદલ ૩૦.૯૧ લાખ ઈ-મેમો ઈસ્યુ થયા



ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત ઈ-મેમો ઈસ્યુ કરવાના બાબતમાં દેશમાં ચોથા નંબરે છે. જેમાં ગુજરાત સહિત દેશભરમાં વિવિધ રાજ્યોમાં વાહન ચાલકોને સિગ્નલ તોડવાથી માંડી હેલ્મેટ નહીં પહેરવા સહિતના વિવિધ નિયમોના ભંગ બદલ ઈ-મેમો કે ઈ-ચલણ ઈસ્યુ કરવાની સિસ્ટમ છેલ્લા કેટલાક વર્ષોથી અમલી બની છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં વાહન ચાલકોને જુદા જુદા નિયમના ભંગ બદલ ૩૦.૯૧ લાખ ઈ-મેમો ઈસ્યુ થઈ ચૂક્યા છે અને ગુજરાત હાલ ઈ-મેમોની સંખ્યામાં દેશમાં ચોથા ક્રમે છે. જ્યારે ઉત્તરપ્રદેશ ૧.૧૨ કરોડ ઈ-મેમો સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. ગુજરાતમાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા વાહન ચાલકોને નિયમોના ભંગ બદલ આપવામાં આવતા ઈ-મેમોની સંખ્યામાં પ્રતિવર્ષ વધારો પણ થઈ રહ્યો છે ગત વર્ષે ૨૦૨૩માં ૧૨.૧૬ લાખ ઈ-મેમો વાહન ચાલકોને ઈસ્યુ થયા હતા. વર્ષે ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૩૦.૯૧ લાખ ઈ-મેમો ઈસ્યુ થઈ ચૂક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રોંગ સાઈડ વાહન ચલાવવું, લાયસન્સ-પીયુસી અને વીમા સહિતના વિવિધ ડોક્યુમેન્ટ વિના વાહન ચલાવવુ અને હેલ્મેટ વિના વાહન ચલાવવાથી માંડી સિગ્નલ તોડવા બદલ તેમજ ઓવર સ્પીડમાં ગાડી ચલાવવા સહિતના અનેક નિયમ ભંગ માટે ઈ-મેમો ઈસ્યુ કરવામા આવે છે. જુદી-જુદી રકમના દંડ સાથે ઈ-મેમો વાહનચાલકોને નંબર પ્લેટના આધારે ઈસ્યુ થાય છે. દર વર્ષે ઈસ્યુ થતા ઈ-મેમોની સંખ્યાની દ્રષ્ટિએ હાલ ઉત્તરપ્રદેશ ([illegible])

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે

# રાજ્યના ૧૪ નગરો અને એક મહાનગરમાં બહુવિધ વિકાસ માટે ૨૫૪ કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી



## શહેરી જનજીવન સુખાકારી વૃદ્ધિ સાથે ઈઝ ઓફ લિવિંગ વધારવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો પ્રશસ્ય અભિગમ

### જસદણ-હાલોલ-વિરમગામ-પારડી-પાટણ-વેરાવળ-બોટાદ-પોરબંદર-છાયા તેમજ ચોરવાડ-ટંકારા અને કરમસદ-ઉમરગામ-બિલીમોરા તથા વાઘોડિયા નગરપાલિકા-જૂનાગઢ મહાનગરપાલિકાને મળશે લાભ

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નગરોની આગવી ઓળખના કામો માટે રૂ. ૬૪.૯૩ કરોડ
- ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓના કામો માટે રૂ. ૧૨૬.૦૮ કરોડ
- આઉટગ્રોથ વિસ્તાર વિકાસ અને ખાનગી સોસાયટી જનભાગીદારીના કામો માટે રૂ. ૫૯.૬૮ કરોડ

ગાંધીનગર તા. ૧૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોની સુખાકારીમાં વૃદ્ધિથી ઈઝ ઓફ લિવિંગ વધારવાના હેતુસર ૧૪ નગરો અને એક મહાનગરમાં બહુવિધ વિકાસ કામો માટે ૨૫૩.૯૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

ગુજરાતના વર્લ્ડ કલાસ ડેવલપમેન્ટના પરિણામે વધતા જતા વ્યાપાર-ઉદ્યોગોને કારણે તીવ્ર બનેલા શહેરીકરણના પડકારોને તકમાં પલટાવવા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૦માં ગુજરાતની સ્થાપનાના સ્વર્ણિમ જયંતિ વર્ષે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરાવી હતી. આ યોજનાની ઉત્તરોત્તર સફળતાને પગલે તેને ૨૦૨૬-૨૭ સુધી ચાલુ રાખવામાં આવી છે.

નગરો-મહાનગરોમાં લોક સુવિધા-સુખાકારીના કામો માટે આ યોજના અંતર્ગત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને રકમ ફાળવવામાં આવે છે. તદઅનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી આ ૨૫૩.૯૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

તેમણે જસદણ નગરપાલિકાને ભાદર નદી પર રિવરફ્રન્ટના આગવી ઓળખના કામ માટે રૂ. ૬ કરોડ, હાલોલ નગરપાલિકામાં ટાઉનહોલ નિર્માણ માટે રૂ. ૧૦.૨૯ કરોડ અને વિરમગામ નગરપાલિકામાં રોડ વાઈડનીંગ અને નવીન ફોર્ટ વોલ માટે રૂ. ૮.૬૪ કરોડના કામોની મંજૂરી આપી છે.

એટલું જ નહીં, જુનાગઢ મહાનગરપાલિકાને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ટાઉનહોલ તેમજ નરસિંહ વિદ્યા મંદિર બિલ્ડીંગ હેરિટેજના કામ માટે ૪૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામોમાં હેરિટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, ટ્રાફિક સર્કલ આઈલેન્ડ્સ, વોટર બોડી લેન્ડ સ્કેપિંગ, રીવરફ્રન્ટ, લેક બ્યુટીફિકેશન, મ્યુઝિયમ, આઈકોનિક બ્રિજ વગેરે કામો તેમજ શહેરોની શોભામાં અભિવૃદ્ધિ કરતા આઇકોનિક કામોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ પારડી નગરપાલિકાને વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજના કામો માટે રૂપિયા ૨૫.૨૯ કરોડ તથા પાટણ નગરપાલિકાને આ જ પ્રકારના કામો માટે રૂપિયા ૨૫.૫૨ કરોડ મંજૂર કર્યા છે.

વેરાવળ-પાટણ નગરપાલિકાને સોમનાથ ટ્રસ્ટ એરીયા અને વેરાવળ પાટણના બાકી રહેતા વિસ્તારો માટે ભૂગર્ભ ગટર અને પાણી પુરવઠાના કામો માટે રૂ. ૨૬.૬૯ કરોડ મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કર્યા છે.

આ ઉપરાંત તેમણે કરમસદ નગરપાલિકાને રૂ.૨૪.૫૪ કરોડ, ઉમરગામ નગરપાલિકાને રૂ.૧૪.૯૩ કરોડ તથા બિલીમોરા નગરપાલિકાને રૂ.૯.૧૧ કરોડ ભૂગર્ભ કરોડ યોજના માટે મંજૂર કર્યા છે.

ભૌતિક આંતરમાળખાકિય સુવિધાના આ કામો અન્વયે સમગ્રતયા કુલ રૂ. ૧૨૬.૦૮ કરોડના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મંજૂરી આપવામાં આવી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામોમાં પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, વોટર, ડ્રેનેજ કામો, જળસિંચનના કામો, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાના કામો વગેરેનો સમાવેશ કરવામાં આવેલો છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો હેઠળ બોટાદ નગરપાલિકાને સી.સી. રોડ બનાવવાના ૬૦ કામો માટે રૂ. ૫.૯૪ કરોડ મંજૂર કર્યા છે.

આ ઉપરાંત પોરબંદર-છાયા નગરપાલિકા ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાંથી પીવાના પાણીની પાઈપલાઈન, સી.સી. રોડ અને LED સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ. ૫૩.૬૮ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

ચોરવાડ નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતાં ૨.૧ કિ.મી. લંબાઈના દ્ગઉઁછેંના રોડના નવીનીકરણ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના તહેત રૂ. ૨.૫૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ સાથે ટંકારા અને વાઘોડિયા નગરપાલિકાને ચોમાસામાં વરસાદના કારણે નુકશાન પામેલા રસ્તાઓના રિસર્ફેસીંગ-રીપેરીંગ માટે ૮૦ લાખ રૂપિયા મુખ્યમંત્રીશ્રીએ મંજુર કર્યા છે.

આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ૨૦૧૦થી અત્યાર સુધીમાં ૬૧,૯૭૭ કરોડ રૂપિયાનું બજેટ પ્રાવધાન થયેલું છે.

આ બજેટ પ્રાવધાન અન્વયે રાજ્યની મહાનગરપાલિકા-નગરપાલિકાઓને આંતરમાળખાકીય વિકાસના ૬૭,૩૬૦ કામો મંજૂર કરીને રૂ. ૩૨,૬૪૭ કરોડ ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે .

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત મહાનગરો-નગરો મળી કુલ ૬૪૬૨ કામો માટે રૂ. ૩૧૧૦.૩૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ રાજ્ય સરકારે આપી છે. આ ઉપરાંત આઉટગ્રોથ વિસ્તારના ૧૨૧૪ કામો માટે રૂ. ૧૮૮૭.૫૬ કરોડ ચૂકવવામાં આવેલા છે.

એટલું જ નહીં, આગવી ઓળખના ૨૦૧ કામો માટે રૂ. ૧૫૯૧.૧૧ કરોડની ગ્રાન્ટ મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરી છે .

નગરો ,મહાનગરોમાં ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનાના ૪૩,૮૦૪ કામોને મંજૂરી આપીને રૂ. ૨૪૩૧.૫૧ કરોડની ગ્રાન્ટ આવા લોકહિત કામો માટે રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવી છે

# ગુજરાતમાં વિઝા કન્સલ્ટન્ટ્સનાં બિઝનેસમાં ૩૦ - ૪૦ ટકાનો ઘટાડો




અમદાવાદ તા. ૧૩

સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ વિઝાનાં અચાનક સ્થગિત થવાથી ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડામાં અભ્યાસ કરવાનું સપનું મુશ્કેલ બની ગયું છે. જીવન ખર્ચ પહેલેથી જ આસમાને પહોંચ્યો છે અને વિઝાનાં ધોરણો પણ કડક થઈ રહ્યાં છે. આનાથી વિદેશી શિક્ષણ ક્ષેત્રને ભારે ફટકો પડ્યો છે. છેલ્લાં છ થી આઠ વર્ષમાં ગુજરાતમાં વિઝા કન્સલ્ટન્ટ્સનાં બિઝનેસમાં ૪૦ ટકાનો ઘટાડો જોવાં મળ્યો છે. હવે આ નવાં નિર્ણય સાથે, આ બિઝનેસમાં વધુ ઘટાડો થઈ શકે છે.

અમદાવાદમાં વિદેશી એજ્યુકેશન કન્સલ્ટન્ટ ભાવિન ઠાકરે જણાવ્યું હતું કે, "કેનેડિયન માર્કેટ, જે એક સમયે ૨૦૨૩ની શરૂઆતમાં અમારી આવકનો ૭૦ ટકા હિસ્સો હતો, તે હવે ઘટીને માત્ર ૨૦ ટકા થઈ ગયો છે. વારંવાર નીતિગત ફેરફારો અને ભારતીય વિદ્યાર્થીઓનાં પ્રવેશ પર પ્રતિબંધિત પગલાંને લીધે અમારાં વ્યવસાયમાં ૩૦-૪૦ ટકાનો ઘટાડો થયો છે.'' એસડીએસ પ્રક્રિયા બંધ થતાં વિઝા સમયરેખાને સામાન્ય ૨-૪ અઠવાડિયાથી આઠ અઠવાડિયા કે તેથી વધુ સુધી લંબાવવાની અપેક્ષા છે. આવકનાં નિવેદનો, બચત અને ફિક્સ્ડ ડિપોઝિટ જેવાં નાણાકીય પુરાવાં માટે સખત માંગ સાથે વિદ્યાર્થીઓને હવે નવાં અવરોધોનો સામનો કરવો પડે છે, પરિણામે લાંબા સમય સુધી રાહ જોવાનો સમય અને વધુ બોજ, વિદ્યાર્થીઓ તેમજ કન્સલ્ટન્ટ અનુભવી રહ્યાં છે.

# મહારાષ્ટ્રમાં કોંગ્રેસ માટે પણ બળવાખોરોએ મુસીબત સર્જી : ૨૮ નેતાઓની હકાલપટ્ટી



મુંબઈ,તા.૧૩

મહારાષ્ટ્ર કોંગ્રેસે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા ૨૮ બળવાખોર ઉમેદવારો સામે કડક એક્શન લેતાં તેમને છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા હતા. આ બળવાખોરોએ ૨૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી મહાવિકાસ અઘાડીના સત્તાવાર ઉમેદવારો સામે ચૂંટણી માટે ઝંપલાવી દીધું હતું.

કોંગ્રેસની ગાજ જે નેતાઓ પર પડી છે તેમાં પૂર્વ મંત્રી રાજેન્દ્ર મુલક (રામટેક મતવિસ્તાર), યાજ્ઞવલ્ક જીચકર (કાટોલ), કમલ વ્યવહારે (કસબા), મનોજ શિંદે (કોપરી પચપખાડી) અને આબા બાગુલ ઉપરાંત અન્યો સામેલ છે. કોંગ્રેસના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ નિર્ણય છૈંઝ્રઝ્ર ઈન્ચાર્જ રમેશ ચેન્નીથલાના નિર્દેશ પર લેવામાં આવ્યો છે. કોંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરાયેલા નેતાઓમાં શામકાંત સનેર, રાજેન્દ્ર ઠાકુર, મનીષ આનંદ, સુરેશ કુમાર જેથલિયા, કલ્યાણ બોરાડે અને ચંદ્રપોલ ચૌકસી પણ સામેલ છે. અગાઉ પણ પાર્ટીએ ૨૧ જેટલાં બળવાખોરોને સસ્પેન્ડ કર્યા હતા. જેની સાથે ૨૨ મતવિસ્તારમાં સસ્પેન્ડ થનારા નેતાઓની સંખ્યા કુલ ૨૮ થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, આ સસ્પેન્ડ કરાયેલા ઉમેદવારો મહા વિકાસ અઘાડીના સત્તાવાર ઉમેદવારો સામે ચૂંટણી લડી રહ્યા છે. અગાઉ, કોંગ્રેસના નેતા રમેશ ચેન્નીથલાએ કહ્યું હતું કે સત્તાવાર સ્ફછ ઉમેદવારો સામે લડતા તમામ પક્ષના બળવાખોરોને છ વર્ષના સસ્પેન્શનનો સામનો કરવો પડશે.

### અમેરિકન વિઝાના ડ્રીમને લાગ્યું ગ્રહણ :

# વેઈટીંગ પિરિયડ ૫૦૦ દિવસનો થયો

## અનેકવિધ પગલા છતાં વધતો વેઈટીંગ પિરિયડ



મુંબઈ,તા.૧૩

અમેરિકાના વિઝાને લગતી સમસ્યાઓનો કોઈ અંત નથી આવ્યો અને સમસ્યા વધતી જ જાય છે. વેકેશન અથવા બિઝનેસ યુએસ કોન્સ્યુલેટમાં વારો જ આવે તેમ નથી. કોલકાતાના યુએસ કોન્સ્યુલેટમાં કોઈએ એપોઈન્ટમેન્ટ લેવી હોય તો ૫૦૦ દિવસનું વેઈટિંગ ચાલે છે. છેલ્લા એક વર્ષમાં વિઝાનો વેઈટ પિરિયડ ઘટાડવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે. યુએસ કોન્સ્યુલેટમાં સ્ટાફ વધારવામાં આવ્યો છે અને કેટલીક વખત તો રજાના દિવસે પણ કામ થાય છે. છતાં વેઈટિંગનો પિરિયડ હજુ ઉભો જ છે. અમેરિકન વિઝા માટે વેઈટ પિરિયડ હજુ નોર્મલ નથી થયો. વર્ષ ૨૦૨૩માં ભારતીયોના ૧૪ લાખ વિઝા પ્રોસેસ કરવામાં આવ્યા હતા જે અત્યાર સુધીની સૌથી ઊંચી સંખ્યા છે. આ દરમિયાન વિઝિટર વિઝાના વેઈટ પિરિયડમાં ૭૫ ટકાનો ઘટાડો થયો છે. ભારતમાં અલગ અલગ અમેરિકન કોન્સ્યુલેટ પર બી૧ અને બી૨ વિઝા માટેનો વેઈટ પિરિયડ અલગ અલગ છે. હાલમાં કોલકાતમાં જેમણે અરજી કરી હોય તેમણે સૌથી વધુ ૫૦૦ દિવસની રાહ જોવી પડે છે. બીજા શહેરોમાં પણ વેઈટિંગ ચાલે છે પણ કોલકાતા જેટલી રાહ જોવી પડતી નથી.

ચેન્નાઈમાં અત્યારે ૪૮૬ દિવસનો પ્રોસેસિંગ ટાઈમ ચાલે છે. મુંબઈમાં વિઝાની એપોઈન્ટમેન્ટ માટે ૪૨૭ દિવસનું વેઈટિંગ ચાલે છે, દિલ્હી અને હૈદરાબાદમાં પણ સ્થિતિ સારી નથી. દિલ્હીમાં ૪૩૨ દિવસ લાગી જાય છે જ્યારે હૈદરાબાદમાં ૪૩૫ દિવસ લાગી જાય છે.

એક વાત નોંધવી જરૂરી છે કે ઈન્ટરવ્યૂ વેઈવર વિઝિટર વિઝા માટે એટલો બધો સમય નથી લાગતો. દિલ્હીમાં આવા વિઝિટર વિઝા માટે વેઈટ ટાઈમ ૧૪ દિવસનો છે જ્યારે કોલકાતામાં તે ૧૩ દિવસ છે.

### મુસ્લિમોની સંખ્યામાં ભારત બનશે નંબર-૧

# વર્ષ ૨૦૫૦ સુધીમાં આખી દુનિયામાં વધશે હિન્દુઓની વસ્તી



## વિશ્વની કુલ જનસંખ્યા લગભગ ૮.૨ બિલિયન છે, જે દર વર્ષે ૦.૮૭ ટકાના દરથી વધી રહી છે

નવી દિલ્હી, તા.૧૩

આખી દુનિયામાં વધતી વસ્તી ચિંતાનો વિષય બનેલો છે. વિશ્વની કુલ જનસંખ્યા લગભગ ૮.૨ બિલિયન છે, જે દર વર્ષે ૦.૮૭ ટકાના દરથી વધી રહી છે. ૨૦૨૩માં વસ્તી વધારો દર ૦.૮૮ ટકા અને ૨૦૨૦માં ૦.૯૭ ટકા હતી. દુનિયાની વસ્તીમાં દર વર્ષે લગભગ ૭૧ મિલિયન લોકોનો વધારો થઈ રહ્યો છે. એક ડેટાની વાત માનીએ તો, આખી દુનિયામાં હિન્દુઓની સંખ્યા ૧.૨ અબજ છે, જે આખી દુનિયાની વસ્તીનો ૧૫ ટકા ભાગ છે. તો વળી મુસલમાનની વસ્તી ૧.૯ અબજ છે, જે આખી દુનિયાની વસ્તીનો ૨૪ ટકા ભાગ છે.

જનસંખ્યા વિશે રિસર્ચ કરનારી એક સંસ્થા છે. પ્યૂ રિસર્ચ. તેના જણાવ્યા અનુસાર, આખા વિશ્વમાં હિન્દુની વસ્તી સતત વધી રહી છે. ૨૦૫૦ સુધી હિન્દુઓની વસ્તી દુનિયામાં ત્રીજા નંબર પર પહોંચી જશે. તો વળી મુસલમાનની વસ્તીના મામલામાં દુનિયામાં બીજા નંબર પર આવી જશે. એવું અનુમાન છે કે, ૨૦૫૦ સુધી મુસલમાનોની વસ્તી ભારતમાં ઝડપથી વધશે. દુનિયાના સૌથી વધારે મુસલમાનની વસ્તીવાળા દેશોમાં ઈન્ડોનેશિયાને પછાડી ભારત દુનિયાનો નંબર વન મુસ્લિમ વસ્તીવાળો દેશ બની જશે.

પ્યૂ રિસર્ચ સેન્ટરના ''''ધ ફ્યુચર ઓફ વર્લ્ડ રિલિજન્સ''''ના અધ્યયનમાં જણાવ્યું છે કે, દુનિયામાં ૨૦૫૦ સુધી હિન્દુઓની વસ્તી ૩૪ ટકા વધીને ૧.૪ અબજ થઈ જશે. મુસલમાનોની વસ્તીમાં મોટા વધારા બાદ ૭૭ ટકાની વસ્તીની સાથે હિન્દુ બહુસંખ્યક રહેશે. ૨૦૫૦ સુધી ભારતમાં મુસલમાનોની સંખ્યા ૩૧ કરોડ થઈ જશે. જે ભારતની કુલ વસ્તીનો ૧૮ ટકા ભાગ હશે.

જોકે આ રિસર્ચમાં અમુક દેશોમાં હિન્દુઓની વસ્તીમાં ખતરનાક રીતે ઘટાડો થવાની સંભાવના પણ વ્યક્ત કરી છે. તેમાં મુખ્ય દેશ પાકિસ્તાનની સાથે સાથે બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન કહેવાયું છે. આ દેશોમાં હિન્દુ અલ્પસંખ્યક છે. આવનારા ૨૫ વર્ષોમાં ત્યાં હિન્દુઓ ગણ્યાગાંઠ્યા જ હશે. પાકિસ્તાનમાં હિન્દુઓની વસ્તી ૨૦૧૭માં ૩.૫ મિલિયનથી વધીને ૨૦૨૩માં ૩.૮ મિલિયન થઈ, પણ કુલ વસ્તીમાં તેમની ભાગીદારી ૧.૭૩ ટકાથી ઘટીને ૧.૬૧ ટકા થઈ ગઈ. તેનાથી જાણવા મળે છે કે, આવનારા સમયમાં પાકિસ્તાનમાં હિન્દુઓની વસ્તીમાં ઝડપથી ઘટાડો આવશે.

બાંગ્લાદેશમાં બીજો સૌથી મોટો ધર્મ હિન્દુ છે. પણ દેશમાં હાલ હિન્દુઓ વિરુદ્ધ સતત હુમલા થતા રહે છે. ૨૦૨૨ની વસ્તી ગણતરી અનુસાર, હિન્દુઓની સંખ્યા ૧૩ કરોડ છે, જે કુલ વસ્તીનો ૭.૬૫ ટકા ભાગ છે. પણ ૨૦૫૦ સુધી બાંગ્લાદેશમાં હિન્દુઓની વસ્તી ઘટી જશે. તો વળી અફઘાનિસ્તાનમાં પણ સંખ્યા સતત ઘટતી રહી છે.

### ઘટનાએ ચર્ચાઓને વધુ મહત્ત્વપૂર્ણ બનાવી દીધી

# સાઉદી અરેબિયાના રણમાં પ્રથમ વખત બરફ ઉપર ચાલ્યા ઊંટ



## સાઉદી અરેબિયાના અલ-જૌફ ક્ષેત્રમાં ભારે વરસાદ અને કરાના કારણે અચાનક થઈ હતી હિમવર્ષા

રિયાદ, તા.૧૩

સાઉદી અરેબિયાના રણમાં પ્રથમ વખત હિમવર્ષા થઈ છે. સામાન્ય રીતે તેલના ભંડાર અને રણ માટે પ્રખ્યાત સાઉદી અરેબિયામાં એટલી બધી હિમવર્ષા થઈ છે કે આખું રણ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયું છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં કડકડતી ઠંડી પડી રહી છે. સાઉદી અરેબિયાના અલ-જૌફ ક્ષેત્રમાં ભારે વરસાદ અને કરાના કારણે અચાનક હિમવર્ષા થઈ હતી, આ વિસ્તારમાં પ્રથમ વખત હિમવર્ષા જોવા મળી છે. ગયા બુધવારથી શરૂ થયેલા વરસાદ પછી અહિં વર્ષા શરૂ થઈ હતી, અને રણ પર બરફની ચાદર પથરાઈ ગઈ હતી.

મળતી માહિતી અનુસાર અલ-જૌફ ક્ષેત્રમાં આટલી હિમવર્ષા ઈતિહાસમાં પહેલા ક્યારેય થઈ નથી. પ્રેસ એજન્સીના જણાવ્યા અનુસાર, આ અસામાન્ય હવામાન ઘટનાએ માત્ર ત્યાંનું દ્રશ્ય જ બદલ્યું નથી, પરંતુ નદીઓ અને ધોધને પણ નવું જીવન આપ્યું છે, જેના કારણે ખીણો ભરાઈ ગઈ છે અને નદીઓ ફરીથી વહેવા લાગી છે.

તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી-જ્યારે આ ઘટનાની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર આવવા લાગ્યા તો દરેકે કલાઈમેટ ચેન્જ વિશે વાત કરવાનું શરૂ કર્યું. લોકો સોશિયલ મીડિયા પર બરફથી ઢંકાયેલા રણના વીડિયો અને તસવીરો પોસ્ટ કરી રહ્યા છે, જેણે દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. યુઝર્સ આ તસવીરો અને વીડિયોને માત્ર શેર જ નથી કરી રહ્યાં પરંતુ તેના પર વિવિધ પ્રકારના રિએક્શન પણ આપી રહ્યાં છે. સાઉદી અરેબિયાની હવામાન એજન્સીએ ચેતવણી જાહેર કરી છે- સાઉદી અરેબિયાની હવામાન એજન્સીએ હવે અણધારી હિમવર્ષાને પગલે નાગરિકોને આગામી દિવસોમાં વધુ ખરાબ હવામાન માટે તૈયાર રહેવા ચેતવણી આપી છે. જોરદાર પવન, કરા અને વાવાઝોડાનું અનુમાન છે,જેના કારણે વિઝિબિલિટી ઓછી થઈ શકે છે અને મુસાફરીમાં વિલંબનું કારણ બની શકે છે.

બીજી તરફ, COP29 કલાઈમેટ સમિટ માટે વિશ્વભરના નેતાઓ બાકુમાં ભેગા થઈ રહ્યા છે. જ્યાં સાઉદી અરેબિયાના રણમાં થયેલી હિમવર્ષાની ચર્ચા પણ શક્ય છે, જે ક્લાઈમેટ ચેન્જની સૌથી મોટી ઘટનાઓમાંની એક છે. આ દુર્લભ હવામાન ઘટનાએ COP29માં ચર્ચાઓને વધુ મહત્ત્વપૂર્ણ બનાવી દીધી છે, જ્યાં લગભગ ૨૦૦ દેશોના નેતાઓ આબોહવા પરિવર્તનની વધતી જતી અસરો અંગે ચર્ચા કરવા ભેગા થઈ રહ્યા છે. COP29 નું આયોજન બાકુમાં ૧૧-૨૨ નવેમ્બર દરમિયાન થઈ રહ્યું છે.

# દેવદિવાળીનાં પર્વે મધ્યરાત્રીએ ગિરનાર લીલી પરિક્રમાનો શુભારંભ કરાયો

## જિલ્લા કલેક્ટરએ શ્રીફળ વધેરી પૂ. સાધુ સંતોની ઉપસ્થિતિમાં પાવનકારી ગિરનાર લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ કરાવ્યો






જૂનાગઢ તા.૧૩

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ કારતક સુદ-૧૧ની મધ્યરાત્રીએ શ્રીફળ વધેરી પૂ. સાધુ સંતોની ઉપસ્થિતિમાં પાવનકારી ગિરનાર લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ કરવ્યો હતો. ભવનાથ તીર્થક્ષેત્રના શ્રી હરગિરીબાપુ, શ્રી શેરનાથ બાપુ , શ્રી ઈન્દ્રભારતી બાપુ, મહેન્દ્રા નંદગીરી બાપુ, શૈલજાદેવીજી, જયઅંબેગીરી માતાજી સહિતના સાધુ સંતોની ઉપસ્થિતિમાં લીલી પરિક્રમાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન હરેશ પરસાણા, મહાનગરપાલિકાના કમિશનર શ્રી ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, શહેર ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ શર્મા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગિરનાર લીલી પરિક્રમાના શુભારંભ વેળાએ ભગવાન ગુરુ દત્તાત્રેયના સાનિધ્યે સાધુ સંતો પદાધિકારી અધિકારીઓએ દીપ પ્રાગટ્ય પણ કર્યું હતું.

જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું કે, તા.૧૫ નવેમ્બર સુધી ચાલનારી આ પરિક્રમામાં સ્વયંભૂ રીતે લાખો ભાવિકો પધારે છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને વીજળી, પાણી, સહિતની સુવિધાઓ મળી રહે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ખાસ કરીને ગિરનાર લીલી પરિક્રમા વન અને વન્યજીવોને નુકસાન ન થાય તે માટે પ્લાસ્ટિક મુક્ત પરિક્રમા બની રહે તેવો વહીવટી તંત્રનો આશય છે. આ માટે ૧૧ ટીમ બનાવવામાં આવી છે, તે પ્લાસ્ટિક મુક્ત પરિક્રમા રહે તે માટે કામગીરી કરશે. ગિરનાર લીલી પરિક્રમામાં આવતા યાત્રિકો તરફથી પણ તંત્રને ખૂબ સહયોગ મળી રહ્યો છે. કલેક્ટરએ ઉમેર્યું કે, સાધુ સંતોના આશીર્વાદ સાથે આ પાવનકારી પરિક્રમાનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે એસઆરપી બેન્ડ દ્વારા પણ શૂર સુરાવલીઓ રેલાવવામાં આવી હતી.

# જૂનાગઢ લોકસભાના યુવા સંસદ અને ચોરવાડના પનોતા પુત્ર રાજેશભાઈની માદરે વતનમાં નવા વર્ષની ઉતમ ભેટ

## વર્ષોથી બિસ્માર રોડનું કામ રૂા. ૩.૫૧ કરોડમાં મંજૂર કરાવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ લોકસભાના યુવા સાંસદ અને ચોરવાડ શહેરના પનોતા પુત્ર રાજેશ ચુડાસમા દ્વારા પોતાના માદરે વતનના ગામમાં નવા વર્ષના પ્રારંભે જ રોડ રસ્તાની ભેટ આપી છે. જીવનબાગ પાસેથી લઈ બસ્ટેન્ડ થઈ પોસ્ટ ઓફિસ થઈ સોમનાથ દ્વારકા નેશનલ હાઈવેને જોડતો રોડ અતિ બિસ્માર હાલતમાં હોય નાના મોટા વાહન ચાલકો રાહ દારીઓ ત્રાહિમામ પોકારતા હતા. જેના અનુસંધાને સાંસદ રાજેશભાઈ ચુડાસમા દ્વારા સિમેન્ટ રોડ બનાવવા માટે રાજ્ય/કેન્દ્ર સરકાર માં ધારદાર રજૂઆત કરવામાં આવેલ હતી. આ રજૂઆતને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા યોગ્ય ગણી તાત્કાલિક સિમેન્ટ રોડ બનાવવા માટે રૂા.૨,૫૧,૦૦,૦૦૦/-( અંકે રૂપિયા બે કરોડ એકાવન લાખ પૂરા ) મંજૂર કરવામાં આવ્યા અને રોડના કામમાં વધુ રૂા.૧,૦૦,૦૦,૦૦૦,(અંકે રૂપિયા એક કરોડ પૂરા) ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. આવા આ ઉમદા કાર્ય થી આ વિસ્તારના લોકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે અને સાંસદ ઉપર અભિનંદન વર્ષા થઈ રહી છે.

# જૂનાગઢ શનિદેવ મંદિરે પરિક્રમાર્થીઓ માટે અવિરત અન્નક્ષેત્ર



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આવેલ શ્રી શનિદેવના મંદિર ખાતે પરિક્રમાર્થીઓ માટે મહંત પુ. તુલસીનાથ બાપુ અને એકતાનાથ માતાજી દ્વારા અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ભાવિકોને લાડવા, રોટલી, શાક, દાળભાત, કઢીખીચડી ભાવ પૂર્વક પિરસવામાં આવી રહ્યું છે અને અસંખ્ય શ્રધ્ધાળુઓ આ અન્નક્ષેત્રમાં ભોજન પ્રસાદ અને દર્શનનો લાભ લઈ રહ્યા છે.

# જૂનાગઢ ઋષીરાજ આશ્રમ ખાતે પરિક્રમાર્થીઓ માટે અન્નક્ષેત્રનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના ભરડાવાવ ગૌશાળા ખાતે મહંત પૂ. બલરામદાસ બાપુ અને તેમના શિષ્ય પુ. મહેશ્વરી દેવી માતાજી દ્વારા પરિક્રમાનો વિધીવત પ્રારંભ થાય તે પહેલા રવિવારથી બે દિવસ અગાઉ અન્નક્ષેત્ર શરૂ કરી દેવામાં આવ્યું છે. પુ. બલરામદાસ બાપુએ જણાવ્યું હતું કે, આ અન્નક્ષેત્રમાં ૧૨૫ શુધ્ધ સિંગતેલના ડબ્બા અને ૫૦ ચણાના લોટના કટામાંથી ૩૫૦ કિલો ચંપાકલી ગાંઠીયા અને ૬૫૦ કિલો ગુંદી બનાવવામાં આવેલ છે.

આ અન્નક્ષેત્રમાં ૨૫થી વધુ સ્વંય સેવકો દ્વારા ગુંદી-ગાંઠીયા ઉપરાંત બાજરાના રોટલા, રીંગણાનો ઓળો, રોટલી, કઢી, ખીચડી, સેવટમેટા, રિંગણા-બટેટાના શાક વગેરે ભાવ પુર્વક પિરસવામાં આવે છે. છેલ્લા એક દાયકાથી મહાશિવરાત્રી અને પરિક્રમા દરમ્યાન પુ. બલરામદાસ બાપુ તથા પુ. મહેશ્વરી દેવીજી દ્વારા અન્નક્ષેત્ર સતત એક અઠવાડીયા સુધી ચાલું રાખવામાં આવે છે.

## :: અવસાન નોંધ ::

વેરાવળ : શોભનાબેન ધનેશા(ઉ.વ.૫૯) તે મહેન્દ્રભાઈ ધનેશા (જીએચસીએલ)ના પત્ની, વિશાલભાઈ, વૈશાલીબેનના માતૃશ્રી, ગોવિંદભાઈ(પી.એચ.વાડીયા પંપ), અમુભાઈ, શાંતિલાલ (બીઓઆઈ)ના નાનાભાઈના ધર્મપત્ની, કિરીટભાઈ (પાલિકા), કમલેશભાઈ(રેયોન) ના ભાભી, સુનીલભાઈ કિશનભાઈ હાથીના બહેન તા.૧૧ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણુ તથા પીયર પક્ષની સાદડી તા.૧૪ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૫ કલાકે બિલેશ્વર મંદીર, શિક્ષક કોલોની, વેરાવળ ખાતે રાખેલ છે.

વેરાવળ : ગૌરીશંકર એન. પંડ્યા (ઉ.વ.૯૬) તે, દિપકભાઈ, પ્રફૂલાબેન, ભારતીબેન, દક્ષાબેનના પિતાશ્રી, સ્વ.કાંતિભાઈ, સ્વ.ધીરજલાલના મોટા ભાઈનું તા.૧૧ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૪ ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે કાશી વિશ્વનાથ મંદિર, મુખ્ય પોસ્ટ ઓફિસ રોડ, વેરાવળ ખાતે રાખેલ છે.

# શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને ફુલોનો શણગાર તથા વિવિધ પ્રકારના શાકભાજીઓ (હાટડી દર્શન) ધરાવવામાં આવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૩

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથીએકાદશીનિમિતે તા.૧૨-૧૧-૨૦૨૪ને મંગળવારના રોજ શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને ફુલોનો શણગાર કરાયો છે. આજે સવારે મંગળા આરતી પૂજારી સ્વામી એવં શણગારઆરતી પૂજારી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. તેમજ એકાદશી નિમિતે દાદાને વિવિધ પ્રકારના શાકભાજીઓ (હાટડી દર્શન) ધરાવવામાં આવ્યા હતા. સંધ્યા આરતીપૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. દાદાના મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યુ હતું. આ દર્શન-આરતીનો લ્હાવો મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો.

# તુલસી વિવાહ પ્રસંગે દ્વારકાધીશ વરાજા સ્વરૂપનો વિશેષ શિંગાર



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૩

દ્વારકા જગત મંદિરે તુલસી વિવાહ પ્રસંગે સાંજે દ્વારકાધીશને વરરાજા સ્વરૂપનો શિંગાર કરાયો હતો. જેમાં વિશેષ જરકસી વાધા સાથે મસ્તક ઉપર સાફો સાથે ઢાલ અને તલવાર સાથે વરરાજા સ્વરૂપ શિગાર કરાયો હતો. તે દર્શનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લિધો હતો.

# શ્રી સોરઠીયા શ્રીગૌડ માળવીય બ્રહ્મસમાજ દ્વારા યોજાયેલ શ્રીમદ ભાગવત સપ્તાહમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો




જૂનાગઢ તા. ૧૩

શ્રી સોરઠીયા શ્રીગૌડ માળવીય બ્રહ્મસમાજ તેમજ મુંડીયા સ્વામી ટ્રસ્ટ આયોજીત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે. અને ગઈકાલે કૃષ્ણ જન્મોત્સવનો કાર્યક્રમ ભકિતભાવ પૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા જે.કે. ભટ્ટ, હરેશ જે. ભટ્ટ, અજીત એન. પંડયા, નલીન સી. પંડયા, મહેશ પી. ભટ્ટ, મિલન એચ. મારૂ, જતીન ભટ્ટ, રાજુભાઈ પુરોહીત, વિનુભાઈ ભટ્ટ, કિરણ પુરોહીત વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# જીણાબાવાની મઢી ખાતે આવેલ ભાટ વિસ્તારમાં વડાલ આઈશ્રી ખોડીયાર સેવા મંડળ દ્વારા અન્નક્ષેત્ર શરૂ કરાયું




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

વડાલનું આઈ શ્રી ખોડીયાર સેવા મંડળ તા.૧૧-૧૧-૨૦૨૪ના રોજ સત્યમ સેવા યુવક મંડળ, ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ અન્ય દાતાઓના સહયોગથી ભાવિકો માટે અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવેલ છે. જેમાં હજારો લોકો પ્રસાદી રૂપે ભોજન લઈ રહ્યાં છે. જેમાં સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા તથા ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી નાગભાઈ વાળા, વડાલના સરપંચ મનસુખભાઈ આઘેરા, અલ્પેશભાઈ પરમાર, પ્રવીણભાઈ જોશી ખાસ ઉપસ્થિત રહી દીપ પ્રગટાવી અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવેલ હતું. જેમાં આઈ શ્રી ખોડીયાર સેવા મંડળના માધાભાઈ પારઘી, ભીખાભાઈ અઘેરા, બાબુભાઈ પરમાર, ધનાભાઈ ભોરીયા તથા છગનભાઈ વિગેરેની અન્નક્ષેત્રની સેવાને બિરદાવેલ હતી.

# સોમનાથ પ્રવાસીઓને મુકવા આવેલા દ્વારકાના ટેકસી ડ્રાઈવરને માર મારનાર વેરાવળના બે ટેક્સી માલીકોને ઝડપી લેવાયા

## આરોપીઓએ "અહીં ભાડું લઈને કેમ આવે છે" તેમ કહી મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ

## યાત્રાધામ સોમનાથની છબી બગાડતી ઘટનામાં પોલીસે ત્વરીત કાર્યવાહી કરી આરોપીઓને કાયદાનું ભાન કરાવ્યું




(રાકેશ પરડવા)

વેરાવળ, તા.૧૩

યાત્રાધામ સોમનાથ આવતા પ્રવાસીઓને ટેકસીઓમાં મુકવા આવતા બહારગામના ડ્રાઈવરોને માર મારી પ્રવાસીઓમાં ભય ફેલાવવાનો પ્રયાસ કરવાની સાથે સોમનાથની છબી બગાડનાર વેરાવળ પંથકના બે ટેકસી માલીકોને એસઓજી બ્રાન્ચે ઝડપી પાડી અણઉકેલ ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત માહીતી મુજબ ગત તા.૮ નવે. ના રોજ દ્વારકાથી પ્રવાસીઓને ટેકસી કાર અર્ટીગામાં સોમનાથ લઈ આવીને ઉતાર્યા હતા. બાદમાં દ્વારકાનો ટેકસી ડ્રાઈવર સોમનાથ બાયપાસ ઉપર એપલ ફાસ્ટફુડ પાસે રોડ ઉભા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલા બે અજાણ્યા શખ્સોએ "અહીં ભાડુ લઈને કેમ આવે છે તેમ કહી બીભત્સ શબ્દો ભાંડીને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા.

આ અંગે ટેકસી ડ્રાઈવરે પ્રભાસ પાટણ પોલીસમાં બે અજાણ્યા શખ્સો સામે ઉપરોકત વિગતો સાથે ફરીયાદ નોંધાવી હતી. આ ઘટના યાત્રાધામ સોમનાથની છબી બગાડનાર હોવાથી પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ ગંભીરતા દાખવી આરોપીઓને શોધી કાઢવા સુચના આપી હતી. જેને લઈ એસઓજી પીઆઈ એન.બી.ચૌહાણએ સ્ટાફની બે ટીમો બનાવી જુદી જુદી દિશામાં તપાસ હાથ ધરી હતી.

જેમાં સ્ટાફના દેવદાન કુંભરવાડીયા, મેરામણ શામળાને ટેકનીકલ સર્વેલન્સ થકી અને ખાનગી બાતમીદારો મારફત આરોપીઓને ઓળખ- વિગતો મળી હતી. જેને લઈ (૧) ગોપાલ લખમણભાઈ સોલંકી ઉ.વ.૩૧ ને મીઠાપુર ખાતેથી તેમજ (૨) નિરવ ઉર્ફે નિર્ભય જેશાભાઈ જેઠવા ઉ.વ.૨૨, રહે.મેઘપુર વાળાને ભુજ ખાતેથી ઝડપી લીધા હતા. આ બંન્ને ટેકસી માલીકો હોય અને રાગદ્વેશ રાખી હુમલો કરેલ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ હોવાનું પીઆઈ ચૌહાણએ જણાવેલ છે.

# શ્રી જૂનાગઢ મહિલા શરાફી મંડળી દ્વારા સેમીનારનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. જૂનાગઢના પ્રમુખ રસિલાબેન સોઢાની યાદી જણાવે છે કે તેમની સંસ્થા દ્વારા આર્થિક રીતે પગભર થવા ઈચ્છતી અને ગૃહઉદ્યોગ કરતી બહેનોને મદદરૂપ થવાના હેતુસર તા.૧૯-૧૧-૨૦૨૪નો મંગળવારના રોજ ગાર્ડન કાફેમાં સાંજે ૪થી ૭ દરમ્યાન એક સેમિનારનું આયોજન કરવા વિચારેલ છે. જેમાં ગૃહ ઉદ્યોગ કરતી બહેનોને ભાગ લેવા નિમંત્રણ છે. ભાગ લેનાર બહેનોને સેમિનારના અંતે ડિનર આપવામાં આવશે. આ સેમિનારમાં ભાગ લેવા ઈચ્છવતી બહેનોએ પોતાનું નામ તથા મોબાઈલ નંબર અને ગૃહ ઉદ્યોગની વિગત રસિલાબેન સોઢા મો.નં.૯૮૨૫૧૦૫૫૪૫, સાધનાબેન નિર્મળ મો.નં.૯૪૨૮૩૭૮૪૪૪, રૂપલબેન લખલાણી મો.નં.૯૪૨૭૫૦૨૦૨૦ ઉપર મોકલી આપવી તેમજ નામ લખાવવાની છેલ્લી તા.૧૭-૧૧-૨૦૨૪ સુધીમાં જણાવવું જરૂરી છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ

જાહેર નિવિદા નં.૫ (૨૦૨૪-૨૫)

કાર્યપાલક ઇજનેરશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ (મંગલ નિવાસ, અક્ષરવાડી પાસે)(ફોન નં.૦૨૮૫-૨૬૭૦૨૦૭)ની કચેરીએથી સંભવિત આગામી ડીસેમ્બર-૨૦૨૪ /જાન્યુઆરી-૨૦૨૫ માં ૨૦ માં વાર્ષિક પદવિદાન સમારંભ, જૂનાગઢ માટે સમિયાણા બાંધવા, સાઉન્ડ સિસ્ટમ ગોઠવવી તેમજ ઇલેકટ્રીફીકેશન વિગેરેની કામગીરી કરવા માટે રસ ધરાવતી અનુભવી પાર્ટીઓ પાસેથી વેબ મેઇલીંગ પધ્ધતિથી આઇટમ રેટ ટેન્ડર હાર્ડ કોપી મારફત મંગાવવામાં આવે છે. આ અંગેની જાહેરાત યુનિવર્સિટી વેબસાઇટ www.jau.in પર તા.૧૬.૧૧.૨૦૨૪ થી મુકવામાં આવશે. જે મુજબ ભાવો સીલ બંધ કવરમાં તા.૦૬.૧૨.૨૦૨૪ સુધી (૧૮:૦૦) કલાક સુધીમાં કચેરીમાં મોકલવાના રહેશે. વધુ માહિતી માટે કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક સાંધવાથી મળી શકશે.

માહિતી/જૂના/૬૧૩/૨૦૨૪

# ગરવા ગિરનારની 'પરીક્રમા' કરતાં લાખો ભાવિકો







## પ્રકૃતિનાં ખોળે પ્રભુસ્મરણ અને સેવાનું પુનીત ભાથુ બાંધતા પરિક્રમાર્થીઓ : જય ગિરનારીનાં નારા ગુંજી ઉઠયા

જૂનાગઢ તા. ૧૩

દેવદિવાળીનાં પાવનકારી પર્વે મધ્યરાત્રીએ ગિરનારની લીલી પરીક્રમાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. જો કે સોમવારે વહેલી સવારે ભાવિકોનો ભારે ઘસારો ધ્યાને લઈ ગેટ ખોલી નાંખવામાં આવતાં પરીક્રમા એક દિવસ વહેલી શરૂ થઈ ગઈ છે. અને ઉતાવળા પરીક્રમાર્થીઓ હવે અંતિમ પડાવ તરફ પહોંચી ગયા છે. ગઈકાલે રાત્રીનાં સંતો, ભાવિકો અને પરીક્રમાર્થીઓની ઉપસ્થિતિમાં પરંપરા અનુસાર પરીક્રમાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સાથે જ ગિરનાર ક્ષેત્રમાં માનવ મહેરામણ છલકાયો છે. દુર દુરથી આવેલા ભાવિકો ગિરનારની ૩૬ કિમીની પરીક્રમા પૂર્ણ શ્રધ્ધાથી અને ઉત્સાહપૂર્વક કરી અને સેવાનું પુનીત ભાથુ બાંધી રહયા છે. પરીક્રમા રૂટ ઉપર યાત્રીકોનો પ્રવાહ સતત જોવા મળે છે. અને પરીક્રમાનો મેળો પુરબહારમાં ખીલી ઉઠયો છે. દિવસ દરમ્યાન પદયાત્રા કરી અને રાત્રીનાં સમયે વિસામો લેતા પરીક્રમાર્થીઓનાં સંઘ ઠેક ઠેકાણે જોવા મળી રહયો છે. પથ્થરમાં ચુલો બનાવી રસોઈ કરી કુદરતા ખોળે જંગલમાં મંગલ કરી ભોજન પ્રસાદ આરોગે છે. આ વખતની પરીક્રમામાં યુવા વર્ગ વિશેષ જોવા મળે છે.

જો કે ગિરનારની લીલી પરીક્રમાનાં નાના મોટા, યુવા તેમજ વૃધ્ધો પણ પરીક્રમામાં જોડાઈ છે. દિવસનાં પદયાત્રા અને રાત્રીનાં જયાં પડાવ નાંખ્યો હોય ત્યાં વિસામો લે છે. અને પોતાનો થાક ઉતારે છે. પદયાત્રીઓનાં સંઘોમાં રાત્રીનાં વિસામા સમયે સંતવાણીનાં કાર્યક્રમો પણ યોજાતા હોય છે. પ્રભુ સ્મરણ, ઈશ્વરની આરાધના અને પ્રકૃતિનો ખોળો એટલે જ ગિરનારની લીલી પરીક્રમા આવી પરીક્રમામાં લાખો ભાવિકો કરી રહયા છે. પરીક્રમાનાં આ મેળામાં સંતોનાં દર્શનનો પણ અનન્ય લ્હાવો ભાવિકોને મળી રહયો છે. ગિરનારની લીલી પરીક્રમામાં યાત્રાળુઓની સલામતી અને સુખાકારી માટે તંત્ર દ્વારા અસરકારક પગલાઓ લેવામાં આવ્યા છે.

ભગવાન દત્તાત્રેય અને ગિરનારજી મહારાજનાં આર્શિવાદ

ગરવો ગિરનાર એટલે ૩૩ કરોડ દેવતા સિધ્ધ સંતો, ચોસઠ જોગણી અને માં અંબા, ભગવાન ગુરૂદત્તાત્રેયનાં જયાં બેસણા છે ભવનાથ મહાદેવનાં સાંનિધ્યમાં જયાં પરીક્રમા અને શિવરાત્રીનો મેળો દર વર્ષે યોજાઈ છે તેવા પાવનકારી ક્ષેત્રમાં ગિરનારની લીલી પરીક્રમ યોજાઈ છે. આ પરીક્રમામાં દુર દુરથી ભાવિકો આવે છે અને પરીક્રમાનું પુનીત ભાથુ બાંધે છે. પરીક્રમામાં આવેલા લાખો ભાવિકો પરીક્રમાનાં ૩૬ કિમીનાં રૂટમાં વિહરતા હોય છે અને ઈશ્વર પ્રત્યેની અખુટ શ્રધ્ધા અને રાત્રીનાં સમયે પડાવ નાંખી અને નિંદ્રાધીન થતા હોય છે. ભગવાન ગિરનારજી મહારાજ અને ઈશ્વરીય વરદાનને લઈને પરીક્રમાર્થીઓને કોઈ જાતની આંચ આવતી નથી. અપવાદરૂપ બનાવ બનતા હોય છે. પરંતુ લાખોની સંખ્યામાં આવતા ભાવિકો વગડામાં પરીક્રમા કરવા આવે છે. આ વર્ષે ૧૫ લાખ ભાવિકો ઉમટી પડે તેવી ધારણા છે.

અત્રે નોંધનીય છે કે પરીક્રમા સમયે જ ખેડૂતોની મોસમ પુરબહારમાં ખીલી છે તેથી ઘણાખરા ખેડૂતો પરીક્રમાનો લાભ લઈ શકે તેમ નથી. પરંતુ બહારથી આવતા લાખો ભાવિકો પરીક્રમા માટે પહોંચી ગયા છે. પરીક્રમામાં ઠેર ઠેર સેવાભાવી સંસ્થાઓ દ્વારા ચા-પાણી, નાસ્તા અને પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવે છે જેનો લાખો ભાવિકો લાભ લઈ રહયા છે. અંતે અમો તમામ યાત્રીકોને વિનંતી કરીએ છીએ કે આપ પરીક્રમામાં કચરો ન કરશો, જયાં ત્યાં પ્લાસ્ટીક ફેંકીને પ્રદુષણને નુકશાન ન કરશો કારણ કે જંગલમાં અનેક ધાર્મિક જગ્યાઓ આવેલી છે તેમજ પ્રાણીઓનો પણ વસવાટ હોય જો આપણે ગંદકી કરીને જઈશું તો શું તમે એમ માનો છો કે તમે સાચા દિલે પરીક્રમા પુરી કરી છે ! બસ આટલું ધ્યાન રાખશો તો ચોકકસ તમે સાચા દિલે પરીક્રમા પૂર્ણ કર્યાનો અહેસાસ કરાવશે.

# ગરવા ગિરનારની પરીક્રમામાં આવેલા ૯ ભાવિકોનાં હાર્ટએટેકથી મૃત્યું નિપજયાં

## માત્ર બે દિવસમાં બનેલા આ બનાવથી ભાવિકો શોકાતુર

જૂનાગઢ તા. ૧૩

ગિરનારની લીલી પરીક્રમામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામાં દુર દુરથી ભાવિકો આવેલા છે. દરમ્યાન બે દિવસમાં ૯ પરીક્રમાર્થીઓને હાર્ટએટેકનો હુમલો આવવાથી તેમનાં મૃત્યું થતાં પરીક્રમાર્થીઓમાં શોકની લાગણી છવાઈ છે.

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગિરનારની લીલી પરીક્રમા કરવા માટે દુર દુરથી ભાવિકોનો પ્રવાહ પરીક્રમાનાં માર્ગો ઉપર પરીક્રમા માટે વહેતો થયો છે. અને જય ગિરનારીનાં ગગનભેદી નારાઓ પરીક્રમા રૂટ ઉપર ગુંજી ઉઠયા છે. આ દરમ્યાન છેલ્લા બે દિવસમાં ૯ જેટલા પરીક્રમાર્થીઓનાં હાર્ટએટેકનાં હુમલાઓ આવવાનાં કારણે મૃત્યું થયા છે. મૃતક યાત્રાળુઓ રાજકોટ જીલ્લાનાં જ હોવાનું જાણવા મળે છે. જૂનાગઢ જીલ્લા પંચાયતની આરોગ્ય શાખાનાં જણાવ્યા અનુસાર ૮ મૃતદેહોને સિવીલ હોસ્પીટલ અને એક મૃતદેહને ભેંસાણ સીએચસી ખાતે મોકલી દેવામાં આવ્યા છે. મળતી વિગત અનુસાર ૧૧ નવેમ્બરે ૪ ભાવિકોનાં મૃત્યું થયા હતાં. અને ગઈકાલે ૧૨ નવેમ્બરે ત્રણ ભાવિકોનાં મૃત્યું થયા છે. તથા તા.૧૩ ના રોજ વધુ બે હાર્ટએટેકથી મૃત્યુ પામેલા પરીક્રમાર્થીઓમાં (૧) મુળજીભાઈ રૂડાભાઈ લોખીલ (ઉ.વ. ૬૫) ભારતીનગર, ગાંધીગ્રામ, રાજકોટ (૨) પરસોતમભાઈ જગદીશભાઈ ભોજાણી (ઉ.વ. ૫૦) નવાગામ તા. જસદણ (૩) હમીરભાઈ સોદાભાઈ લમકા (ઉ.વ. ૬૫) અમરસર (૪) રસીકલાલા ભોવાનભાઈ ભરડવા (ઉ.વ. ૬૨) દેવડા (૫) મનસુખભાઈ મોહનભાઈ (ઉ.વ. ૭૦) રાજકોટ (૬) આલાભાઈ ગોવિંદભાઈ ચાવડા (ઉ.વ. ૫૦) ગાંધીગ્રામ રાજકોટ (૭) અરવિંદભાઈ ડાયાભાઈ સીંધવ (ઉ.વ. ૫૪) રાજકોટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વધુ બે યાત્રિકોના હાર્ટએટેકથી મૃત્યું થતાં કુલ ૯ પરીક્રમાર્થીઓનાં મૃતદેહ પરીક્રમાનાં રૂટ ઉપરથી મળી આવ્યા હતાં. ઘણા વર્ષોથી ગિરનારની લીલી પરીક્રમા યોજાય છે અને આ સૌ પ્રથમવાર હાર્ટએટેકથી નવ જેટલા પરીક્રમાર્થીઓનાં મૃત્યું થયાનો બનાવ બનવા પામેલ છે. પરીક્રમાર્થીઓનાં થયેલા આ મૃત્યુંના પગલે તેમનાં પરીવારજનો તેમજ પરીક્રમાર્થીઓમાં શોકની લાગણી છવાઈ હતી.

## જુનાગઢમાં પીધેલી હાલતમાં મહિલાના ઘરે જઈ માથાકૂટ કરતા ૨ શખ્સો ઝડપાયા

જૂનાગઢ, તા.૧૩:

જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારમાં સાઈબાબા મંદિર પાસે રહેતા એક મહિલાના ઘરે ૨ શખ્સ માથાકૂટ કરતા હોવાની જાણ પોલીસ કંટ્રોલ રૂમ મારફત થતા સી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને તપાસ કરતા ૨ શખ્સ કેફી પીણું પીધેલી હાલતમાં જણાતા બંનેને પકડી પોલીસ સ્ટેશન પર લઈ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં આ શખ્સોએ તેનું નામ ગીર સોમનાથ જિલ્લાના ઉના ખાતે ખત્રીવાડામાં રહેતો ૩૦ વર્ષનો મહેશ ઉર્ફે મુન્નો લાખા રાઠોડ અને તેનો પાડોશી સુનિલ સાદુર સારલીયા હોવાનું જણાવતા બંનેની પીધેલી હાલતમાં ધરપકડ કરી પ્રોહિબિશન એકટની કલમ ૬૬-૧ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગિરનાર પરિક્રમા દરમ્યાન જૂનાગઢ પોલીસે વિખુટા પડેલા ૨૯ને શોધી પરિવાર સાથે મિલન કરાવ્યું

જૂનાગઢ તા.૧૩

પરિક્રમામાં ૬ બાળક સહિત ૪૩ પરિક્રમાર્થીઓ બે દિવસ દરમ્યાન ગુમ થયા હતા. જેમાંથી ૨૯ની ભાળ મેળવી પોલીસે તેમના પરિવાર સાથે મીલન કરાવ્યું હતું.

તા.૧૧ અને ૧૨ નવેમ્બર દરમ્યાન ગિરનારની પરિક્રમામાં આવેલા ભાવિકોમાંથી તેમના પરિવારથી વિખુટા થયેલા ૬ બાળકો, ૨૩ મહિલા, ૧૪ વૃધ્ધ સહિત ૪૩ લોકો ગુમ થયા હતા જેમાંથી પોલીસે ૪ બાળક, ૧૩ મહિલા તથા ૧૨ વૃધ્ધની ભાળ મેળવી અને ફરજની સાથે માનવતાનું કર્તવ્ય બજાવ્યું હતું અને તેઓને તેમના પરિવાર સાથે મિલન કરાવી દીધું હતું.


સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

ફ્લેટ વેચવાનો છે
2 BHK ફ્લેટ વેચવાનો છે.
ટાઈટલ ક્લીઅર, લોનેબલ, વ્યાજબી કિંમત.
૨૦૪. હિના એપાર્ટમેન્ટ, સૈયદ વાડા,ઉપરકોટ - જૂનાગઢ
: કોન્ટેક :
મો. ૯૯૦૯૯ ૭૯૭૦૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે
સ્પે. પંજાબી પફ
મળશેઆઈસ કેકનાં
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ